:- **નમુનો ''અ''**-:

| નર્મદાના મહે.સ્પેશ્યલ જજ સાહેબની અદાલત સમક્ષ,મુ.રાજપીપળા<br>શ્રી એ.વી.હિરપરા,સ્પેશ્યલ જજ,નર્મદા,મુ.રાજપીપળા | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૧૨/૦૮/૨૦૨૬ |
| ફોજદારી કેસ સંખ્યા | સ્પે.પોકસો કેસ નં.૧૦/૨૦૨૨ |

:- **ગુનાની વિગત** -:

| | |
|---|---|
| ગુનાની કલમ | ઇ.પી.કો.કલમ-૩૬૩,૩૭૬(ડી),૩૭૬(૨) (એન) ,૫૦૬(૨) તથા પોકસો એકટની કલમ-૪,૬ અને ૧૭ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ૧૧૮૨૩૦૦૪૨૨૦૦૫૩/૨૦૨૨ |
| પોલીસ સ્ટેશન | ડેડીયાપાડા પો.સ્ટે.,જી.નર્મદા. |
| ફરીયાદપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.સ્પે.પી.પી.શ્રી જે.જે.ગોહિલ |
| આરોપીપક્ષ | કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોર |
| રજુઆત | વિ.વકીલ શ્રી બી.એચ.પરીખ |

:- **નમુનો ''બ''**-:

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૩૧/૦૧/૨૦૨૨ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૨/૦૨/૨૦૨૨ |
| આખરી અહેવાલની તારીખ | ૧૯/૦૨/૨૦૨૨ |
| તહોમતનામાની તારીખ | ૨૯/૦૮/૨૦૨૨ |
| પુરાવો શરૂ થયાનીની તારીખ | ૧૭/૦૬/૨૦૨૩ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૨/૦૮/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૨/૦૮/૨૦૨૬ |
| સજા/હુકમની તારીખ(લાગુ પડે તો) | ૧૨/૦૮/૨૦૨૬ |

- **આરોપીની વિગત** -:

| | |
|---|---|
| આરોપીનું નામ | કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોર |
| ધરપકડની તારીખ | ૦૩/૦૨/૨૦૨૨ |
| જામીન મુકિત તારીખ | ૧૫/૦૨/૨૦૨૨ |
| તહોમત | ઇ.પી.કો.કલમ-૩૬૩,૩૭૬(ડી),૩૭૬(૨) (એન),૫૦૬(૨) તથા પોકસો એકટની કલમ -૪,૬ અને ૧૭ મુજબ. |
| શું નિર્દોષ છોડયુ/સજા કરી | નિર્દોષ |
| કરવામા આવેલ સજા | લાગુ નથી |
| સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૪૬૮ મુજબ | લાગુ નથી |

| GJNR010001692022 | દાખલ તારીખ ::-૦૮/૦૩/૨૦૨૨ |
|---|---|
| | રજીસ્ટર તારીખ ::-૦૮/૦૩/૨૦૨૨ |
| | ફેસલ તારીખ ::-૧૨/૦૮/૨૦૨૬ |
| | સમયગાળો:: વર્ષ-૦૪, માસ-૦૫,દિવસ-૦૪ |

सत्यमेव जयते

---

નર્મદા જીલ્લાનાં મહે.સ્પેશ્યલ જજ સાહેબની અદાલત સમક્ષ,મુ.રાજપીપળા

---

**સ્પે.(પોકસો) કેસ નં.૧૦/૨૦૨૨**
**આંક-૯૨**

ફરીયાદી :- શ્રી સ ર કા ર

:- વિ રૂ દ્ધ -:

આરોપી :- કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોર

---

ગુનો:- ઇ.પી.કો.કલમ-૩૬૩,૩૭૬(ડી),૩૭૬(૨)(એન),૫૦૬(૨) તથા જાતીય ગુનાઓ થી બાળકોનાં રક્ષણ બાબતના અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૪,૬ અને ૧૭ મુજબ

---

ફરીયાદપક્ષ તરફે વિ.સ્પે.પી.પી. :- શ્રી જે.જે.ગોહિલ
આરોપીપક્ષ તરફે વિ.વકીલ :- શ્રી બી.એચ.પરીખ

---

અહી સૌ પ્રથમ તે નોંધવું આવશ્યક છે કે,કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોર વિરૂધ્ધ સૌ પ્રથમ જુવેનાઇલ જસ્ટીશ બોર્ડ,નર્મદા,મુ.રાજપીપળા સમક્ષ આક્ષેપિત ગુનાનું તા.૧૯/૦૨/૨૦૨૨ ના રોજ ચાર્જસીટ ફાઇલ કરવામા આવતા તેને જુવેનાઇલ ફોજદારી કેસ નં.૯/૨૦૨૨ થી કેસ રજીસ્ટરે નોંધવામાં આવેલ અને ત્યારબાદ તે કામે પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટશ્રી,જુવેનાઇલ જસ્ટીશ બોર્ડ, નર્મદા,મુ.રાજપીપળાનાઓએ તા.૦૫/૦૩/૨૦૨૨ ના રોજ આ કામના કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોર વિરૂધ્ધ બાળ અદાલતમાં પુખ્ત વયની વ્યકિત તરીકે કાર્યવાહી ચલાવવી યોગ્ય અને ન્યાયી જણાતુ હોય તેમ ઠરાવી આ કામના કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોર વિરૂધ્ધનો હાલનો કેસ જે.જે.એકટ ની કલમ ૧૪,૧૫ તથા ૧૮(૩) મુજબ બાળ અદાલત સમક્ષ ટ્રાયલ ચલાવવા રીફર કરવાનો હુકમ કરવામાં આવતા,સદર કેસ અત્રેની સ્પેશ્યલ કોર્ટમાં તા.૦૮/૦૩/૨૦૨૨ નાં રોજ ટ્રાન્સફર થઇ આવતા તેને સ્પે.પોકસો કેસ નં.૧૦/૨૦૨૨ થી કેસ રજીસ્ટરે નોંધવામાં આવેલ અને આ કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

:– **ઠ રા વ** –:

૧) આ કામના કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોર તથા ચાર્જસીટ ના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં.૧ થી પ નાઓએ ફરીયાદી–ભોગબનનાર (જન્મ તારીખ ૧૫/૦૮/૨૦૦૫ બનાવ સમયે ઉમર ૧૬ વર્ષ,પ માસ અને ૧૬ દિવસ)સગીર વયની હોવાનું સારી રીતે જાણતા હોવા છતા તા.૩૧/૦૧/૨૦૨૨ નાં રોજ કલાક ૧૧:૦૦ વાગ્યે ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં.૧ અંકિતકુમાર સતિષભાઈ તડવીએ ફરીયાદી–ભોગબનનાર કે જે ડેડીયાપાડા એસ.ટી.ડેપોમાં બેસેલ હતી ત્યાં જઈ તેણીને જણાવેલ કે તમારા ઓળખીતા કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોર બારોટ હાઈસ્કુલની પાછળ પી.ડબલ્યુ. ડી. નાં મકાન પાસે મળવા માટે બોલાવે છે તેમ કહી ભોગબનનારને લઈ જઈ પી.ડબલ્યુ.ડી.નાં જુના કન્ડમ મકાનના પ્રથમ માળે રૂમમાં પાથરણા ઉપર જબરજસ્તીથી ભોગબનનારની મરજી વિરૂધ્ધ તેણીની સાથે શરીર સંબંધ બાંધી અને જાનથી મારી નાખવાની ધમકી આપી ધામણખાડીએ ઝાડી ઝાખરામાં લઈ જઈ તગડીઓની ઝાડીઓમાં કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોર તથા ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં.ર આકાશકુમાર અશોકભાઈ વસાવાએ ભોગબનનારની મરજી વિરૂધ્ધ તેણીની સાથે શરીર સંબંધ બાંધી તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરે ભોગબનનારને ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં. ૩ રાહુલકુમાર ઉર્ફે આર.જે.છગનભાઈ વસાવાના ખેતરે લઈ જઈ ખાટલા પર ધાકધમકીઓ આપી ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં.૩ રાહુલકુમાર ઉર્ફે આર.જે.છગનભાઈ વસાવા,આરોપી નં.૪ રવિકુમાર ઉર્ફે બુગી અતુલભાઈ પટેલ તથા આરોપી નં.પ રાહુલભાઈ ઉર્ફે નાનુ જયેશભાઈ સોલંકીનાઓએ ભોગબનનારની મરજી વિરુધ્ધ તેણીની સાથે વારાફરતી શરીર સંબંધ બાંધી તેમજ કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોરે ભોગબનનારના વાળ ખેંચી અને ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં.૩ નાએ તેણીને લાફો મારી અલગઅલગ જગ્યાએ ભોગબનનારને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી શરીર સંભોગ કરી ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં.૩ થી પ તથા કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોરે આખી રાત વારાફરતી સામુહીક બળાત્કાર કરી ગુનો કરતા આ બાબતે ડેડીયાપાડા પો.સ્ટે.ગુ.ર.નં.પાર્ટ–એ. ૧૧૮૨૩૦૦૪૨૨૦૦૫૩/૨૦૨૨ થી ઈ.પી.કો.કલમ–૩૬૩,૩૭૬(ડી),૩૭૬(૨)(એન),૫૦૬(૨) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિ.૨૦૧૨ ની કલમ–૪,૬ અને ૧૭ મુજબનો ગુનો નોંધાતા તપાસ કરનાર અમલદારે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોર વિરૂધ્ધ પુરતો પુરાવો હોય કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોરની તા.૩/૨/૨૦૨૨ ના રોજ ધરપકડ કરી જરૂરી પંચનામાઓ કરી, પંચનામાની વિગતે મુદામાલ

કબજે કરી, ભોગબનનારનાં જન્મ અંગેના દસ્તાવેજી પુરાવાઓ મેળવી કબજે કરી તથા વિશેરા એફ.એસ.એલ.માં તપાસ અર્થે મોકલી, એફ.એસ.એલ.રીપોર્ટ મેળવી મેળવી કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોર વિરૂધ્ધ પુરતો પુરાવો હોય આક્ષેપીત ગુનાનુ ચાર્જસીટ રજુ કરેલ જેને સૌ પ્રથમ જુવેનાઈલ ફોજદારી કેસ નં.૦૯/૨૦૨૨ આપવામાં આવેલ અને ત્યારબાદ ઉપરોકત જણાવેલ વિગતે સદર કેસ અત્રેની કોર્ટમાં રીફર કરવામા આવતા તેને સ્પે.પોકસો કેસ નં.૧૦/૨૦૨૨ આપવામાં આવેલ.

૨) કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોરને સમન્સની બજવણી થતા કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોર તેમના વિ.વકીલ શ્રી બી.એચ.પરીખ સાથે અત્રેની કોર્ટમાં હાજર થયેલ છે અને કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોરને ચાર્જસીટ તથા તે સાથેનાં તપાસનાં તમામ પેપર્સની વિનામૂલ્યે નકલો આપ્યા બાદ મારા પુરોગામી પ્રિસાઈડીંગ ઓફીસરશ્રીએ આંક–૫ થી આક્ષેપિત ગુનાનું તહોમતનામુ ફરમાવી તે કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોર ને વાંચી,સંભળાવી સમજાવી આંક–૬ થી કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોરની પ્લી રેકર્ડ કરતા કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોરે ગુનાની ના કબુલાત કરતા આ કેસ ફરીયાદપક્ષનો પુરાવો નોંધવા પર પેન્ડિંગ રાખવામાં આવેલ હતો.

૩) આ કેસનાં ન્યાયીક નિકાલ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવે છે.

:– **મુ દ્દા ઓ** –:

**૧.** શું ફરીયાદપક્ષ નિ:શંકરીતે પુરવાર કરવામાં સફળ થયેલ છે કે,તા.૩૧/૦૧/૨૦૨૨ નાં રોજ કલાક ૧૧:૦૦ વાગ્યે ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં.૧ અંકિતકુમાર સતિષભાઈ તડવીએ ફરીયાદી–ભોગબનનાર કે જે ડેડીયાપાડા એસ.ટી.ડેપોમાં બેસેલ હતી ત્યાં જઈ તેણીને જણાવેલ કે તમારા ઓળખીતા કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોર બારોટ હાઈસ્કુલની પાછળ પી.ડબલ્યુ. ડી.નાં મકાન પાસે મળવા માટે બોલાવે છે તેમ કહી ભોગબનનારને લઈ જઈ પી.ડબલ્યુ.ડી.નાં જુના કન્ડમ મકાનના પ્રથમ માળે રૂમમાં પાથરણા ઉપર જબરજસ્તીથી ભોગબનનારની મરજી વિરૂધ્ધ તેણીની સાથે શરીર સંબંધ બાંધી અને જાનથી મારી નાખવાની ધમકી આપી ધામણખાડીએ ઝાડી ઝાખરામાં લઈ જઈ તગડીઓની ઝાડીઓમાં કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોર તથા ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં.ર આકાશકુમાર અશોકભાઈ વસાવાએ ભોગબનનારની મરજી વિરૂધ્ધ તેણીની સાથે શરીર સંબંધ બાંધી તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરે ભોગબનનારને ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં. ૩ રાહુલકુમાર ઉર્ફે આર.જે. છગનભાઈ

વસાવાના ખેતરે લઈ જઈ ખાટલા પર ધાકધમકીઓ આપી ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં.૩ રાહુલકુમાર ઉર્ફે આર.જે.છગનભાઈ વસાવા, આરોપી નં.૪ રવિકુમાર ઉર્ફે બુગી અતુલભાઈ પટેલ તથા આરોપી નં.પ રાહુલભાઈ ઉર્ફે નાનુ જયેશભાઈ સોલંકીનાઓએ ભોગબનનારની મરજી વિરુધ્ધ તેણીની સાથે વારાફરતી શરીર સંબંધ બાંધી તેમજ કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોરે ભોગબનનારના વાળ ખેંચી અને ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં.૩ નાએ તેણીને લાફો મારી અલગઅલગ જગ્યાએ ભોગબનનારને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી શરીર સંભોગ કરી ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં.૩ થી પ તથા કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોરે આખી રાત વારાફરતી સામુહીક બળાત્કાર કરી ઈ.પી.કો.કલમ–૩૬૩,૩૭૬(ડી),૩૭૬(૨)(એન),૫૦૬(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**૨.** શું ફરીયાદપક્ષ નિ:શંકરીતે પુરવાર કરવામાં સફળ થયેલ છે કે,આ કામના કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોર તથા ચાર્જસીટ ના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં.૧ થી પ નાઓએ ફરીયાદી–ભોગબનનાર (જન્મ તા.૧૫/૦૮/૨૦૦૫ બનાવ સમયે ઉમર ૧૬ વર્ષ,૫ માસ અને ૧૬ દિવસ) સગીર વયની હોવાનું સારી રીતે જાણતા હોવા છતા તા.૩૧/૦૧/૨૦૨૨ નાં રોજ કલાક ૧૧:૦૦ વાગ્યે ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં.૧ અંકિતકુમાર સતિષભાઈ તડવીએ ફરીયાદી–ભોગબનનાર કે જે ડેડીયાપાડા એસ.ટી.ડેપોમાં બેસેલ હતી ત્યાં જઈ તેણીને જણાવેલ કે તમારા ઓળખીતા કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોર બારોટ હાઈસ્કુલની પાછળ પી.ડબલ્યુ.ડી. નાં મકાન પાસે મળવા માટે બોલાવે છે તેમ કહી ભોગબનનારને લઈ જઈ પી.ડબલ્યુ.ડી.નાં જુના કન્ડમ મકાનના પ્રથમ માળે રૂમમાં પાથરણા ઉપર જબરજસ્તીથી ભોગબનનારની મરજી વિરૂધ્ધ તેણીની સાથે શરીર સંબંધ બાંધી અને જાનથી મારી નાખવાની ધમકી આપી ધામણખાડીએ ઝાડી ઝાખરામાં લઈ જઈ તગડીઓની ઝાડીઓમાં કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોર તથા ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં.ર આકાશકુમાર અશોકભાઈ વસાવાએ ભોગબનનારની મરજી વિરૂધ્ધ તેણીની સાથે શરીર સંબંધ બાંધી તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરે ભોગબનનારને ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં. ૩ રાહુલકુમાર ઉર્ફે આર.જે.છગનભાઈ વસાવાના ખેતરે લઈ જઈ ખાટલા પર ધાકધમકીઓ આપી ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ

આરોપી નં.૩ રાહુલકુમાર ઉર્ફે આર.જે.છગનભાઈ વસાવા,આરોપી નં.૪ રવિકુમાર ઉર્ફે બુગી અતુલભાઈ પટેલ તથા આરોપી નં.૫ રાહુલભાઈ ઉર્ફે નાનુ જયેશભાઈ સોલંકીનાઓએ ભોગબનનારની મરજી વિરુધ્ધ તેણીની સાથે વારાફરતી શરીર સંબંધ બાંધી તેમજ કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોરે ભોગબનનારના વાળ ખેંચી અને ચાર્જસીટના કોલમ નં.૨ માં જણાવેલ આરોપી નં.૩ નાએ તેણીને લાફો મારી અલગઅલગ જગ્યાએ ભોગબનનારને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી શરીર સંભોગ કરી ચાર્જસીટના કોલમ નં.૨ માં જણાવેલ આરોપી નં.૩ થી ૫ તથા કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોરે આખી રાત વારાફરતી સામુહીક બળાત્કાર કરી જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિ.૨૦૧૨ ની કલમ–૪,૬ અને ૧૭ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**3.** શું હુકમ ?

૪) ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયીક નિર્ણય નીચે મુજબ આપું છું.

મુદ્દા નં.૧ :– નકારમાં.

મુદ્દા નં.૨ :– નકારમાં.

મુદ્દા નં.૩ :– આખરી હુકમ મુજબ.

૫) ફરીયાદપક્ષે કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનાં પુરાવાઓ રજૂ કરેલ છે.

મૌખિક પુરાવા :–

| સાહેદ નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | ભોગબનનારની જુબાની | ૧૦ |
| ૨ | પંચસાહેદ ચિરાગભાઇ વેચાણભાઇ વસાવાની જુબાની | ૧૩ |
| ૩ | સાહેદ સંગિતાબેન મુકેશભાઇ વસાવાની જુબાની | ૨૨ |
| ૪ | સાહેદ મુકેશભાઇ રૂમાભાઇ વસાવાની જુબાની | ૨૩ |
| ૫ | સાહેદ સાંગલીયાભાઇ ખુમાનસીંગ વસાવાની જુબાની | ૨૪ |
| ૬ | સાહેદ તુલસીભાઇ માનસીભાઇ વસાવાની જુબાની | ૨૫ |
| ૭ | સાહેદ અબરારભાઇ હનીફભાઇ કુરેશીની જુબાની | ૨૬ |
| ૮ | સાહેદ અંકુશકુમાર વિપુલભાઇ વસાવાની જુબાની | ૨૭ |
| ૯ | સાહેદ સુધીરચંદ્ર દાલચંદ સેનમારની જુબાની | ૨૯ |
| ૧૦ | ફરીયાદ લેનાર ભરતકુમાર રામજીભાઇ પટેલની જુબાની | ૩૨ |
| ૧૧ | સર્કલ ઓફીસર શ્રી નિરજભાઇ પ્રેમકુમાર ગૌસ્વામીની જુબાની | ૩૪ |
| ૧૨ | ડો.રજનીકાંત રમણભાઇ વસાવાની જુબાની | ૩૯ |
| ૧૩ | ડો.ફાલ્ગુની રઘુભાઇ ગાવીતની જુબાની | ૪૨ |
| ૧૪ | સાઇન્ટીફીક ઓફીસર શ્રી વિરેન્દ્ર રમણલાલ પટેલની જુબાની | ૪૭ |

| | | |
|---|---|---|
| ૧૫ | શાળાનાં આચાર્ય શ્રી દિવ્યેશભાઇ રમેશભાઇ વસાવાની જુબાની | ૫૦ |
| ૧૬ | ડો.પલક પ્રદિપકુમાર વૈષ્ણવની જુબાની | ૫૪ |
| ૧૭ | પી.એસ.ઓ.શ્રી પ્રવિણભાઇ માવજીભાઇની જુબાની | ૬૦ |
| ૧૮ | ત.ક.અ.શ્રી શૈલેષકુમાર જયંતિલાલ મોદીની જુબાની | ૬૫ |

દસ્તાવેજી પુરાવા:–

| અનુ.નં. | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૧ |
| ૨ | ભોગબનનારનું સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબનું નિવેદન | ૧૨ |
| ૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૧૪ |
| ૪ | મુદામાલ કબજે કર્યાનું પંચનામુ | ૧૫ |
| ૫ | દાગીનાની ઓળખનું પંચનામુ | ૧૬ |
| ૬ | બાળકિશોરની શરીર સ્થિતિનું પંચનામુ | ૧૭ |
| ૭ | મુદામાલ પાર્સલમાંથી નિકળેલ પંચોની સહી વાળી કાપલીઓ | ૧૮–૧૯ |
| ૮ | ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામુ | ૨૦ |
| ૯ | ગુનાવાળી જગ્યાનો નકશો | ૩૫ |
| ૧૦ | ના.પો.અધિ.શ્રીએ મામલતદારશ્રીને ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરવા કરેલ યાદી | ૩૬ |
| ૧૧ | એકઝી.મેજી.શ્રીએ સર્કલ ઓફીસરશ્રીને ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરવા કરેલ યાદી | ૩૭ |
| ૧૨ | કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોરનું મેડીકલ સર્ટીફીકેટ | ૪૦ |
| ૧૩ | ભોગબનનારનું મેડીકલ સર્ટીફીકેટ | ૪૩ |
| ૧૪ | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૪૮ |
| ૧૫ | ભોગબનનારના શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ | ૫૧ |
| ૧૬ | જનરલ રજીસ્ટરના ઉતારાની નકલ | ૫૨ |
| ૧૭ | ભોગબનનારનું મેડીકલ સર્ટીફીકેટ | ૫૫ |
| ૧૮ | સ્ટેશન ડાયરીનો ઉતારો | ૬૧ |
| ૧૯ | સરકારી પંચો ફાળવવા કરેલ યાદી | ૬૬ |
| ૨૦ | સરકારી પંચો ફાળવી આપવા કરેલ હુકમ | ૬૭ |
| ૨૧ | એફ.એસ.એલ.ને મુદામાલ મોકલ્યાનો રવાનગી પત્ર | ૬૮ |
| ૨૨ | એફ.એસ.એલ.એ મુદામાલ સ્વીકાર્યાની રસીદ | ૬૯ |
| ૨૩ | ભોગબનનારના જાતિ અંગેના પ્રમાણપત્રની નકલ | ૭૦ |
| ૨૪ | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ લેટર | ૭૧ |

| | | |
|---|---|---|
| ૨૫ | એફ.એસ.એલ.નો બાયોલોજી પરીક્ષણ અહેવાલ | ૭૨ |
| ૨૬ | એફ.એસ.એલ.નો સીરોલોજી પરીક્ષણ અહેવાલ | ૭૩ |
| ૨૭ | એફ.એસ.એલ.નો ડી.એન.એ.પરીક્ષણ અહેવાલ | ૭૪ |
| ૨૮ | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ લેટર | ૭૫ |
| ૨૯ | એફ.એસ.એલ.નો ભૌતિકશાસ્ત્ર વિભાગનો અહેવાલ | ૭૬ |

૬) ત્યારબાદ સ્પે.પી.પી.શ્રીએ આંક–૭૭ થી કલોઝીંગ પુરશીષ રજુ કરી તેઓ ફરીયાદ પક્ષ તરફે વધુ કોઈ લેખીત કે મૌખિક પુરાવો રજુ કરવા માગતા નથી તેવી જાહેરાત કરતા ફરીયાદપક્ષ તરફે વધુ કોઈ પુરાવા રજુ થઈ શકેલ નહી, ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે રેકર્ડ પર રજુ થયેલ પુરાવામાં વિરૂઘ્ધના સંજોગો અંગે ખુલાસો કરવાની તક આપવાના હેતુથી ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબ કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોરનું વિશેષ નિવેદન નોંધતા કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોરે પુછેલ પ્રશ્નોનાં જવાબમા પુછેલ હકીકતો ની સ્પષ્ટપણે ઈન્કારી કરેલ છે અને વધુમાં પોતે જાતે પુરાવો આપવા માંગતા નથી અને બચાવમાં સાહેદો તપાસવા માગતા નથી તેવી હકીકત જાહેર કરી વિશેષમાં જણાવેલ છે કે,અમો નિર્દોષ છીએ અને અમારી સામે ખોટી ફરીયાદ કરી ખોટી રીતે તપાસ કરી કેસ કરેલ છે અને આવો કોઇ બનાવ કે ગુનો બનેલ નથી અને અમોને આવા ગુનામાં પોલીસે ખોટી રીતે સંડોવી દીધેલ છે.

૭) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે મુળ ફરીયાદી–ભોગબનનાર તથા વિ.સ્પે.પી.પી.શ્રી જે.જે.ગોહિલ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર તરફે વિ.વ.શ્રી બી.એચ.પરીખની રૂબરૂ દલીલો સાંભળી.

ફરીયાદી–ભોગબનનાર તરફે મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, તેઓને આ કામે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર સાથે ઘરમેળે સમાધાન થઈ ગયેલ હોય અને હવે તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા ન હોય જેથી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે તો તેઓને કોઈ વાંધો હરકત નથી.

૮) સરકારશ્રી તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે,આ કામના કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોર તથા ચાર્જસીટ ના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં.૧ થી ૫ નાઓએ ફરીયાદી–ભોગબનનાર (જન્મ તા.૧૫/૦૮/૨૦૦૫ બનાવ સમયે ઉમર ૧૬ વર્ષ,૫ માસ અને ૧૬ દિવસ)સગીર વયની હોવાનું સારી રીતે જાણતા હોવા છતા તા.૩૧/૦૧/૨૦૨૨ નાં રોજ કલાક ૧૧:૦૦ વાગ્યે ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં.૧ અંકિતકુમાર સતિષભાઈ તડવીએ ફરીયાદી–ભોગબનનાર કે જે ડેડીયાપાડા

એસ.ટી.ડેપોમાં બેસેલ હતી ત્યાં જઈ તેણીને જણાવેલ કે તમારા ઓળખીતા કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોર બારોટ હાઈસ્કુલની પાછળ પી.ડબલ્યુ. ડી. નાં મકાન પાસે મળવા માટે બોલાવે છે તેમ કહી ભોગબનનારને લઈ જઈ પી.ડબલ્યુ.ડી.નાં જુના કન્ડમ મકાનના પ્રથમ માળે રૂમમાં પાથરણા ઉપર જબરજસ્તીથી ભોગબનનારની મરજી વિરૂધ્ધ તેણીની સાથે શરીર સંબંધ બાંધી અને જાનથી મારી નાખવાની ધમકી આપી ધામણખાડીએ ઝાડી ઝાખરામાં લઈ જઈ તગડીઓની ઝાડીઓમાં કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોર તથા ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં.ર આકાશકુમાર અશોકભાઈ વસાવાએ ભોગબનનારની મરજી વિરૂધ્ધ તેણીની સાથે શરીર સંબંધ બાંધી તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરે ભોગબનનારને ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં. ૩ રાહુલકુમાર ઉર્ફે આર.જે. છગનભાઈ વસાવાના ખેતરે લઈ જઈ ખાટલા પર ધાકધમકીઓ આપી ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં.૩ રાહુલકુમાર ઉર્ફે આર.જે.છગનભાઈ વસાવા,આરોપી નં.૪ રવિકુમાર ઉર્ફે બુગી અતુલભાઈ પટેલ તથા આરોપી નં.પ રાહુલભાઈ ઉર્ફે નાનુ જયેશભાઈ સોલંકીનાઓએ ભોગબનનારની મરજી વિરુધ્ધ તેણીની સાથે વારાફરતી શરીર સંબંધ બાંધી તેમજ કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોરે ભોગબનનારના વાળ ખેંચી અને ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં.૩ નાએ તેણીને લાફો મારી અલગઅલગ જગ્યાએ ભોગબનનારને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી શરીર સંભોગ કરી ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં.૩ થી પ તથા કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોરે આખી રાત વારાફરતી સામુહીક બળાત્કાર કરી ઈ.પી.કો.કલમ-૩૬૩,૩૭૬(ડી),૩૭૬(૨)(એન),૫૦૬(૨) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિ.૨૦૧૨ ની કલમ-૪,૬ અને ૧૭ મુજબ નો ગંભીર પ્રકારનો સમાજ વિરોધી ગુનો આચરેલ છે. ફરીયાદપક્ષ તરફે આરોપી વિરુધ્ધના સમાજ વિરોધી ગંભીર ગુના પુરવાર કરવા માટે કુલ-૧૮ સાહેદોને સોગંદ પર તપાસવામાં આવેલા છે અને આ સાહેદોએ પોતાના સોગંદ ઉપરના પુરાવા દરમ્યાન કુલ-૩૦ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.વધુમાં ભોગબનનાર જે ફરીયાદપક્ષના મહત્વના સાહેદ છે તેમનો સોગંદ ઉપરનો પુરાવો વંચાણે લેતા તેઓને કેસ ચાલતા દરમ્યાન કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર સાથે સમાધાન થઈ ગયેલ હોય તેઓએ પોતાની પોલીસ ફરીયાદમાં જણાવેલ હકીકતોને સમર્થન આપતી હકીકતો જણાવેલ નથી,પરંતુ તેમ છતા ભોગબનનારના પિતા,માસા,માસી તથા ભોગબનનારનો સોગંદ ઉપરનો પુરાવો વંચાણે લેતા તેઓએ બનાવ બન્યાની હકીકતને સમર્થન આપેલ છે. વધુમાં શાળાના આચાર્યશ્રીનો આંક-૫૦ નો પુરાવો તથા તેઓએ પોતાની જુબાની દરમ્યાન રજુ કરેલ ભોગબનનારના જન્મ અંગેના દસ્તાવેજી પુરાવાઓ આંક-૫૧ તથા આંક-૫૨ વંચાણે લેતા ભોગબનનારની જન્મ તા.૧૫/૮/૨૦૦૫

ની હોવાનું એટલે કે બનાવ સમયે ભોગબનનાર સગીર હોવાનુ જણાય આવે છે. તે જ રીતે ભોગબનનાર તથા આરોપીની મેડીકલ તપાસ કરનાર તબીબી અધિકારીઓનો સોગંદ ઉપરનો પુરાવો વંચાણે લેતા તેનાથી પણ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન પ્રાપ્ત થાય છે.તે જ રીતે પંચસાહેદે પણ પંચનામાઓની હકીકતોને પોતાના પુરાવા થકી પુરતુ અને વ્યાજબી સમર્થન આપેલ છે તેવા સંજોગોમાં પંચનામાઓ પુરવાર કરવામા ફરીયાદપક્ષ સફળ રહેલ છે.તે જ રીતે ચાર્જસીટ કરનાર તેમજ ગુનાની તપાસ કરનાર પોલીસ અધિકારીઓનો સોગંદ ઉપરનો પુરાવો વંચાણે લેતા તેઓએ ફરીયાદપક્ષના કેસને પુરતું સમર્થન આપેલ છે, જેથી ફરીયાદપક્ષ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર વિરૂધ્ધનાં આક્ષેપીત ગુનાઓ નિ:શંકપણે પુરવાર કરવામા સફળ થયેલા છે તેમ માનવાને સ્પષ્ટ કારણ રહે છે અને તેથી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરને આક્ષેપીત ગુનામા તકસીરવાન ઠરાવી વધુમાં વધુ કેદ અને દંડની શિક્ષા કરવા ભારપૂર્વક વિનંતી કરેલ છે.

૯) કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર પક્ષ તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામાં છે કે, ફરીયાદપક્ષનાં સૌથી મહત્વનાં સાહેદ પૈકી ભોગબનનારે ફરીયાદપક્ષનાં કેસને પોતાની ફરીયાદ હકીકતોને બિલકુલ સમર્થન આપેલ નથી અને ભોગબનનારને સ્પે.પી.પી.શ્રી એ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે ત્યારે ફરીયાદપક્ષના સૌથી મહત્વના સાહેદ ભોગબનનારએ જ ફરીયાદપક્ષના કેસને જયારે સમર્થન જ આપેલ નથી ત્યારે ફરીયાદપક્ષ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર વિરૂધ્ધના આક્ષેપીત ગુનાઓ નિ:શંકરીતે પુરવાર કરવામા સદંતર નિષ્ફળ ગયેલ છે તેમ માનવા વિનંતી કરેલ છે.તે જ રીતે પંચસાહેદે પણ પંચનામાઓની હકીકતોને પોતાના પુરાવા થકી પુરતુ અને વ્યાજબી સમર્થન આપેલ નથી તેવા સંજોગોમાં પંચનામાઓ પુરવાર કરવામા ફરીયાદપક્ષ તદન નિષ્ફળ ગયેલ છે. તે જ રીતે તબીબી અધિકારીઓના પુરાવાથી પણ ફરીયાદપક્ષ ના કેસને કોઈ ખાસ મદદ મળતી નથી. તેવી જ રીતે ચાર્જસીટ કરનાર તથા તપાસ કરનાર અમલદારનો સોગંદ ઉપરનો પુરાવો વચાણે લેતા તેઓને બનાવની કોઈ અંગત જાણકારી નથી, તેઓએ માત્ર તેમની ફરજના ભાગરૂપે કરેલ તપાસની કાર્યવાહીને સમર્થનકારી હકીકતો જણાવેલ છે. વધુમાં આ કામે સાઇન્ટીક પુરાવા થી પણ ફરીયાદપક્ષના કેસને મદદ મળતી નથી.આમ ફરીયાદપક્ષ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર વિરુધ્ધના આક્ષેપીત ગુના નિ:શંકપણે પુરવાર કરવામાં સદતંર નિષ્ફળ ગયેલ હોય અને કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર પક્ષ શકયતાઓની સંભવિતતાના આધારે પોતાનો બચાવ વ્યાજબી રીતે પુરવાર કરવામા સફળ રહેલા હોય કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ભારપૂર્વક વિનંતી કરેલ છે.

:– **કા ર ણો** –:

મુદા નં.૧ તથા ૨ :–

૧૦) ભારતીય ફોજદારી ન્યાયશાસ્ત્રના પાયાના સિદ્ધાંત મુજબ આરોપી સામેના આક્ષેપિત ગુન્હાઓ નિઃશંક રીતે પુરવાર કરવા માટેની ખુબ જ ભારે જવાબદારી મુકવામાં આવેલ છે જયારે આરોપી ઉપર તેનો બચાવ શક્યતાઓની સંભવવિતતાના આધારે પુરવાર કરવાની જવાબદારી નાંખવામાં આવેલી છે એટલે કે, આરોપી ઉપર તેનો બચાવ પુરવાર કરવાની જવાબદારીનો બોજો હળવો છે અને આરોપી પોતાનો બચાવ પુરવાર કરવા માટે પોતાનો બચાવ વ્યાજબી રીતે શક્યતાઓ પુરવાર કરીને પુરવાર કરવાનો છે,પરંતુ તે સાથે જાતિય ગુન્હાઓથી બાળકોના રક્ષણ બાબતેના અધિનિયમ ૨૦૧૨ ની કલમ ૨૯ વંચાણે લેતા તેમાં અમુક ગુન્હાઓ અંગે માની લેવા બાબતે એટલે કે, અમુક ગુન્હાઓ અંગે અમુક હકીકતો બાબતે આરોપી વિરુદ્ધ અનુમાન કરવા માટેની જોગવાઇ થયેલી છે જેમાં જયાં, કોઇ વ્યક્તિને આ અધિનિયમની કલમ ૩,૫,૭ અને ૯ અન્વયેના કોઇ ગુન્હાને કરવાના અથવા તેવા ગુન્હાનું દુષ્પ્રેરણ કરવાના અથવા આવા ગુન્હાને કરવાના પ્રયત્ન કરવા માટે તેના ઉપર કાનૂની કાર્યવાહી કરવામાં આવે ત્યારે, સ્પેશીયલ કોર્ટ દ્વારા જયાં સુધી તેનાથી વિરુદ્ધનું સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી, એવું માની લેવામાં આવશે કે, આવા વ્યક્તિએ, યથાપ્રસંગ, એવો ગુન્હો કરેલ છે, દુષ્પ્રેરણ કરેલ છે, અથવા આવા ગુન્હાને કરવાનો પ્રયત્ન કરેલ છે, તેવી જ રીત કાયદાની કલમ ૩૦ વંચાણે લેતા તેમાં ગુન્હાહીત માનસિક સ્થિતિ અંગે માની લેવા બાબતે એટલે કે અનુમાન કરવા બાબતેની જોગવાઇ થયેલી છે. જેમાં **(૧)** આ અધિનિયમ અન્વયેના કોઇપણ ગુન્હા માટે કોઇપણ ઈન્સાફી કાર્યવાહી કરવામાં, કે જેમાં આરોપીની ગુન્હાહિત માનસિક સ્થિતિ આવશ્યક હોય ત્યારે, સ્પેશ્યલ કોર્ટ આવી માનસિક સ્થિતિના અસ્તિત્વ અંગે અનુમાન કરશે, પરંતુ આરોપીને પોતાના બચાવમાં સાબિત કરવું પડશે કે, તેની માનસિક સ્થિતિ સાથે તેની સામે ચલાવવામાં આવતી ઈન્સાફી કાર્યવાહીમાં જે ગુન્હા માટે તેના ઉપર તહોમત મુકવામાં આવેલ છે, તેની સાથે તેની માનસિક સ્થિતિનો કોઇ સંબંધ રહેતો નથી. **(૨)** આ અધિનિયમના હેતુઓ માટે કોઇ હકીકતની સાબિતી ત્યારે જ ગણવામાં આવશે કે જયારે સ્પેશ્યલ કોર્ટના મંતવ્ય મુજબ કોઇપણ શંકા સિવાય આવું થયા હોવા અંગે વિશ્વાસ હોય અને માત્ર ત્યારે નહિ જયારે તે બન્યા હોવાની સંભવિતતાની પ્રબળતા દ્વારા સાબિત થયેલ હોય. વધુમાં આ કલમના સ્પષ્ટીકરણમાં જણાવેલ છે કે,આ અધિનિયમમાં ગુન્હાહિત માનસિક સ્થિતિ માં ઈરાદો પ્રેરક/પ્રવર્તક કોઇ હકીકતોનું જ્ઞાન તથા કોઇ હકીકત અંગે વિશ્વાસ અથવા વિશ્વાસ કરવા માટે કોઇપણ કારણનો સમાવેશ થાય છે.આમ,આ કાયદાની કલમ ૨૯ અને ૩૦ વંચાણે લેતા આરોપી વિરુદ્ધ અમુક ગુન્હાઓ અંગે માની લેવા માટે તેમજ આરોપીની

ગુન્હાહિત માનસિક સ્થિતિ અંગે માની લેવા બાબતે આરોપી વિરુદ્ધ જે અનુમાનો કરવામાં આવેલા છે તેની ફાઉન્ડેશન ફેક્ટ પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષ ઉપર છે પરંતુ જયારે આવી ફાઉન્ડેશન ફેક્ટ ફરિયાદપક્ષ દ્વારા રેકર્ડ ઉપર રજુ કરવામાં આવે પરંતુ આવી ફાઉન્ડેશન ફેક્ટ પુરાવાથી ફરિયાદપક્ષ દ્વારા રેકર્ડ ઉપર રજુ કરવામાં આવે ત્યારે આરોપી વિરુદ્ધ કલમ ૨૯ અને કલમ ૩૦ માં જણાવ્યા મુજબના અનુમાન કરવાના થાય છે. પરંતુ, આવું અનુમાન તે નિર્ણાયક નથી કારણ કે, આરોપીને આવા અનુમાનનું પોતાના બચાવમાં ખંડન કરવાની તક રહેલ છે ત્યારે આ કામના આરોપી વિરુદ્ધ જાતિય ગુન્હાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ, ૨૦૧૨ ની કલમ મુજબ જેની વ્યાખ્યા કલમ–૩ તથા કલમ–૫ માં કરવામાં આવેલી છે અને તેની સજાની જોગવાઇ કલમ–૪ તથા કલમ–૬ માં કરવામાં આવેલી છે તેમજ કલમ ૧૭ મુજબ ગુનામાં મદદગારી અને એબેટમેન્ટ કરવા માટેની સજાની જોગવાઇ કરવામા આવેલ છે અને તે ગુન્હો કર્યાનો આરોપી વિરુદ્ધ ફરિયાદપક્ષ દ્વારા આક્ષેપ કરવામાં આવેલ છે અને તે અંગેનું તહોમતનામું અત્રેની કોર્ટ દ્વારા આંક–૫ થી ફરમાવવામાં આવેલ છે તેવા સંજોગોમાં રેકર્ડ ઉપર ફરિયાદપક્ષ તર્ફે રજુ કરેલ પુરાવો તથા આરોપી દ્વારા તેના બચાવમાં ઉપસ્થિત કરવામાં આવેલ તકરારનું મુલ્યાંકન કરતી વખતે કલમ ૨૯ તથા કલમ ૩૦ માં આરોપી તરફે કરવામાં આવેલ અનુમાન ધ્યાને લેવાના થાય છે.

૧૧) સર્વ પ્રથમ ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતા પહેલા બનાવ સમયે ભોગબનનારની ઉમર ૧૬ વર્ષ,૫ માસ અને ૧૬ દિવસની એટલે કે સગીર વયની હતી કે કેમ ? તે સંબંધે ફરીયાદપક્ષ તરફે પ્રોસી.વીટ.નં.૧૫ સરકારી માધ્યમીક શાળા પીપલોદનાં ઇનચાર્જ આચાર્ય શ્રી દિવ્યેશભાઇ રમેશભાઇ વસાવાને આંક–૫૦ થી સોગંદપર તપાસેલા છે તેઓએ પોતાના સોગંદપરના પુરાવા દરમ્યાન આંક–૫૧ થી ભોગબનનારના શાળા છોડયાના પ્રમાણપત્રની ખરીનકલ તથા આંક–૫૨ થી જનરલ રજીસ્ટર્ડનાં ઉતારાની ખરીનકલ રજુ કરેલ છે જેમા ભોગબનનારની જન્મ તા.૧૫/૦૮/૨૦૦૫ ની હોવાનું દર્શાવેલ છે તેમજ ફરીયાદી–ભોગબનનારે તેમની આંક–૧૧ વાળી ફરીયાદમાં પણ પોતાની જન્મ તા.૧૫/૦૮/૨૦૦૫ ની હોવાનો ઉલ્લેખ કરેલ છે ત્યારે આ બંને દસ્તાવેજી પુરાવાઓ ભોગબનનારનાં જ હોવાનું અને તેમા જણાવેલ ભોગબનનારની જન્મ તારીખ ખરી હોવાનું માનવાને કારણ રહે છે.વધુમાં ભોગબનનાર અને સાહેદ શાળાનાં આચાર્ય દિવ્યેશભાઇ વસાવાની બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસ વંચાણે લેતા તેમા ફરીયાદપક્ષના કેસની વિરૂધ્ધની અને બચાવપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ મહત્વની હકીકત રેકર્ડ પર બચાવપક્ષનાં વિ.વકીલશ્રી લાવી શકેલા નથી ત્યારે ઉપરોકત પુરાવાઓ વંચાણે લેતા ભોગબનનારની જન્મ તારીખ સાચી હોવાનું માની શકાય તેમ છે,આમ તમામ હકીકતો લક્ષમાં લેતા ભોગબનનારની જન્મ તા.૧૫/૦૮/૨૦૦૫

ની છે અને બનાવ સમયે એટલે કે તા.૩૧/૧/૨૦૨૨ નાં રોજ ભોગબનનારની ઉંમર ૧૬ વર્ષ, ૫ માસ અને ૧૬ દિવસની હતી એટલે કે **બનાવ સમયે ભોગબનનાર સગીર વય**નાં હતા તેવી હકીકત ફરિયાદપક્ષ નિઃશંક રીતે પુરવાર કરવામાં સફળ થયેલ છે તેમ માનવાને સ્પષ્ટ કારણ રહે છે.

૧૨) ફરિયાપક્ષનો કેસ જોતા,આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩ મુજબના ગુનાનું તહોમત છે. કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત અનુસાર ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩ ના બનાવની ભોગ બનનાર સગીર યુવતીની બાબતમાં સંમતિ હતી તે બાબત અગત્યની નથી, પરંતુ તેણીનું તેણીના વાલીના, વાલીપણામાંથી ખસેડી જવાનું આરોપીનું કૃત્ય જાતે ગુન્હો બને છે. જો કોઇ સગીર વયની યુવતી હોય અને પોતાની ઇચ્છાથી આરોપી સાથે ચાલી નીકળેલ હોય તો તે વાજબી નથી. આ અવસ્થામાં તેણી આરોપી સાથે હતી, તે જ આરોપી દ્વારા તેણીને લલચાવી, ફોસલાવી, લોભાવી કે લાલચ–ધમકી આપીને અપહરણ કરી, લઇ ગયેલ હોવાનું સાબિત કરે છે.

તે જ રીતે ઇ.પી.કો. કલમ ૩૬૬ ના તહોમતને સંબંધ છે, ત્યાં સુધી આ તહોમતની સાબિતી માટે થઇને પ્રથમ એવું દર્શાવવાનું રહે છે કે, આરોપી દ્વારા ભોગ બનનારને આ બનાવમાં લલચાલી–ફોસલાવી અને લગ્ન કરવાના ઇરાદે કે લગ્ન બાહ્ય સંભોગ કરવાના ઇરાદે કે વ્યભિચાર કરવાના ઇરાદે ખોટુ નિરુપણ કરીને ભગાડી જવામાં આવેલ હતી અને તો જ ઇ.પી.કો.કલમ ૩૬૬ નું તહોમત સાબિત માની શકાય. આ તહોમતની સાબિતી માટેના આવશ્યક તત્વો નીચે મુજબ છે.

(૧) ભોગ બનનારનું આરોપીએ અપહરણ કે અપનયન કરેલ હતુ.
(૨) આવુ અપહરણ કે અપનયન
  (અ) તેને કોઇપણ વ્યક્તિ સાથે અનિચ્છાએ લગ્ન કરવાની ફરજ પાડવાના ઇરાદે કે એવી ફરજ પડાશે તેવી સંભાવનાનીજાણ અથવા
  (બ) એને વ્યભિચાર કરવાની ફરજ પડશે કે પડાશે અથવા
  (ક) તેણીને બીજી વ્યક્તિ સાથે વ્યભિચાર કરવાની ફરજ પડે કે ફોસલાવી શકાય તેવા ઇરાદે કે એવી સંભાવનાની જાણ ગુન્હાહિત ધમકીથી કે બીજી કોઇ રીતે કરવામાં આવેલ હોવું જોઇએ.

આ હકીકતની સાબીતી માટે થઇને શું પુરાવો રજુ કરવો, તે જોવામાં આવે તો જો ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષ કે તેની ઉપરની હોય તો તેનું અપનયન જ થઇ શકે, પરંતુ તે ૧૮ વર્ષથી નીચેની વયની હોય તો તેનું અપહરણ અને અપનયન બન્ને થઇ શકે. જો તેને બળ કે કપટથી લઇ જવામાં આવેલ હોવાનું સાબિત કરવામાં આવે તો તહોમતની સાબિતી માટે થઇને પણ ભોગ બનનાર સ્ત્રીનો ઇરાદો કે ઇચ્છા કે વર્તણુંક અગત્યના નથી. આરોપીનો ગુન્હો કરવાનો ઇરાદો જ માત્ર મહત્વના છે અને તેથી વધુ આ બનાવમાં પણ લોભ–લાલચ–કપટ કે

બળથી ભોગ બનનારની સંમતિ લેવામાં આવેલ હોય તો પણ તે કશુ મહત્વ ધરાવતા નથી, તેવી સ્થિતિમાં આરોપીએ તેણીનું અપહરણ કરેલ હોવાનું અને તે ઉપરોક્ત તત્વોના અનુસંધાને કરવામાં આવેલ હોવાનું સાબિત કરવું જરુરી છે.

અલબત, નામ. સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓમાં ઠરાવ્યા મુજબ ૧૮ વર્ષથી નીચેની ઉંમરની ભોગ બનનાર હોવાનું સાબિત કરવામાં ન આવે અને ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરની ભોગ બનનાર હોય અને બનાવમાં તેની સંમતિ હોય તેવું સાબિત થયેલ હોય, તો કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ આરોપી પર મુકવામાં આવેલ તહોમત ટકી શકે નહિં.

૧૩) ઉપરોક્ત કાયદાકીય પરિસ્થિતિ નજર સમક્ષ રાખી રેકર્ડ ઉપરનો પુરાવો વંચાણે લેવામાં આવે તો, આ ગુન્હામાં સૌથી અગત્યનો પુરાવો ભોગબનનારનો ગણી શકાય. મુદ્દા નં.૧ તથા ૨ ની તકરારી હકીકતનાં સંદર્ભમાં ફરીયાદપક્ષ તરફે રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતા તેમજ તે સાથે બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓ ની પરસ્પર વિરોધી દલીલો ધ્યાને લેતા ફરીયાદપક્ષ તરફે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર વિરૂધ્ધનાં આક્ષેપીત ગુના પુરવાર કરવા માટે કુલ–૧૮ સાહેદોને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને આ સાહેદોએ પોતાના પુરાવા દરમ્યાન કુલ–૩૦ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે, ત્યારે ફરીયાદપક્ષ તરફે રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું તુલનાત્મક વિશ્લેષણ કરતા સ્પષ્ટ થાય છે કે,આ કામના કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોર તથા ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં.૧ થી ૫ નાઓએ ફરીયાદી–ભોગબનનાર (જન્મ તા.૧૫/૦૮/૨૦૦૫ બનાવ સમયે ઉમર ૧૬ વર્ષ,૫ માસ અને ૧૬ દિવસ) સગીર વયની હોવાનું સારી રીતે જાણતા હોવા છતા તા.૩૧/૦૧/૨૦૨૨ નાં રોજ કલાક ૧૧:૦૦ વાગ્યે ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં.૧ અંકિતકુમાર સતિષભાઈ તડવીએ ફરીયાદી–ભોગબનનાર કે જે ડેડીયાપાડા એસ.ટી.ડેપોમાં બેસેલ હતી ત્યાં જઈ તેણીને જણાવેલ કે તમારા ઓળખીતા કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોર બારોટ હાઈસ્કુલની પાછળ પી.ડબલ્યુ. ડી. નાં મકાન પાસે મળવા માટે બોલાવે છે તેમ કહી ભોગબનનારને લઈ જઈ પી.ડબલ્યુ.ડી.નાં જુના કન્ડમ મકાનના પ્રથમ માળે રૂમમાં પાથરણા ઉપર જબરજસ્તીથી ભોગબનનારની મરજી વિરૂધ્ધ તેણીની સાથે શરીર સંબંધ બાંધી અને જાનથી મારી નાખવાની ધમકી આપી ધામણખાડીએ ઝાડી ઝાખરામાં લઈ જઈ તગડીઓની ઝાડીઓમાં કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોર તથા ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં.ર આકાશકુમાર અશોકભાઈ વસાવાએ ભોગબનનારની મરજી વિરૂધ્ધ તેણીની સાથે શરીર સંબંધ બાંધી તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરે ભોગબનનારને ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં. ૩ રાહુલકુમાર ઉર્ફે આર.જે.છગનભાઈ વસાવાના ખેતરે

લઈ જઈ ખાટલા પર ધાકધમકીઓ આપી ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં.૩ રાહુલકુમાર ઉર્ફે આર.જે.છગનભાઈ વસાવા,આરોપી નં.૪ રવિકુમાર ઉર્ફે બુગી અતુલભાઈ પટેલ તથા આરોપી નં.પ રાહુલભાઈ ઉર્ફે નાનુ જયેશભાઈ સોલંકીનાઓએ ભોગબનનારની મરજી વિરુધ્ધ તેણીની સાથે વારાફરતી શરીર સંબંધ બાંધી તેમજ કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોરે ભોગબનનારના વાળ ખેંચી અને ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં.૩ નાએ તેણીને લાફો મારી અલગઅલગ જગ્યાએ ભોગબનનારને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી શરીર સંભોગ કરી ચાર્જસીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપી નં.૩ થી પ તથા કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોરે આખી રાત વારાફરતી સામુહીક બળાત્કાર કરી ઈ.પી.કો.કલમ-૩૬૩,૩૭૬(ડી),૩૭૬(ર)(એન),પ૦૬(ર) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિ.ર૦૧ર ની કલમ-૪,૬ અને ૧૭ મુજબનો ગુનો કરેલ છે તેવી તકરારી હકીકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફે તેમના અતિ મહત્વના સાહેદ અવા ફરીયાદી-ભોગબનનાર પ્રોસી.વીટ.નં.૧ ને આંક-૧૦ થી સોગંદપર તપાસવામાં આવેલા છે,ભોગબનનારે તેમના સોગંદપરના પુરાવામાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે,મારી જન્મ તા.૧પ/૦૮/ર૦૦પ ની છે,અમે ત્રણ ભાઈ બહેનો છીએ જેમાં મારાથી મોટો ભાઈ ખેતી કામ કરે છે અને નાનો ભાઈ નવમાં ધોરણમાં ભણે છે અને હું જુના મોઝદા ખાતે ધોરણ-૧૧ માં અભ્યાસ કરતી હતી અને બનાવ તા.૩૧/૦૧/ર૦રર નાં રોજ બનેલો અને હું ઘરેથી નવ વાગે ઇકો ગાડીમાં નિશાળ જવા માટે નીકળેલી અને હું પછી ડેડીયાપાડા ગુરૂવારી ચોકડી ઉતરીને જય અંબે સ્ટુડીયોમાં બસનો પાસ કઢાવવાનો હોય ફોટા ન હોય ફોટા પડાવવા ગયેલી અને ફોટા પડાવીને હું બસ ડેપો ડેડીયાપાડા ખાતે ગયેલી અને હું બસ સ્ટેશને બેઠી હતી ત્યારે ત્રણ છોકરાઓ આવેલા અંકુશ,સ્નેહ આવેલો ત્રીજા છોકરાનું નામ મને હાલ યાદ નથી અને તેઓ પુછતા હતાં કે અમારી સાથે આવે કે જેથી મે ના પાડેલી અને થોડીવારમાં પછી અંકુશ મારી સાથે જબરદસ્તી કરવા લાગેલા અને મારી કમર પકડતા હતાં અને મારી ઓઢણી ખેંચતા હતાં અને હું બસ સ્ટેશનની પાછળની બાજુ બેઠેલ જેથી ત્યાં બીજું કોઈ હતું નહીં ત્યારે મારી તબિયત બરાબર ન હતી મને ચકકર આવતા હતાં જેથી મે બુમાબુમ કરેલ નહી અને મે અંકુશને ધકકો મારેલો જેથી એ કોઈ બીજા છોકરાને બોલાવવા માટે ગયેલો અને આ અંકુશ તેના ફ્રેન્ડને બોલાવીને લાવ્યો અને મને બસ સ્ટેશનમાં પાછળ જયાં બેઠી હતી ત્યાંથી પકડીને ડેપોની સામેના એક જુના મકાનમાં લઈ ગયેલા જયા મારી સાથે પહેલા અંકુશે સબંધ બાંધેલો,ત્યારબાદ અંકિત મને આ જુના મકાનથી નદી કીનારે ડેપો પાસે લઈ ગયેલો ત્યાં નદી કીનારે આશરે સાતેક છોકરાઓ ત્યાં બેઠા હતા તે સાત છોકરામાંથી પહેલા બે છોકરાએ મારી જોડે સબંધ બાંધેલો જેનું નામ મને ખબર નથી જેને હું જોયે પણ ઓળખી શકુ નહીં,ત્યારપછી

રાહુલ વસાવાના ખેતરમાં લઇ ગયેલા ત્યાં રાહુલ વસાવાના ખેતરમાં મને બીયર કે કંઈક પીવડાવેલ અને પીવડાવીને રાહુલે મારી સાથે સબંધ બાંધેલો,ત્યારબાદ રવિ પટેલે સબંધ બાંધેલો, ત્યારબાદ રાહુલ સોલંકીએ સબંધ બાંધેલો ત્યારબાદ આકાશે સબંધ બાંધેલો અને સબંધ બાંધવામાં આવેલ ત્યારે બુમાબુમ કરતી હતી પણ તેઓ મારૂ મોંઢુ દબાવી દેતા હતાં, ત્યારબાદ અંકિતે મારા સાથે સબંધ બાંધેલો અને ત્યાં મને રાત્રે પકડીને એક નાની ઓરડી હતી તેમાં રાખેલી જયા રાહુલે મને માર મારેલો અને છેલ્લે રાહુલ વસાવા મારી સાથે રાત્રે હતો ત્યારે મને કશુ પીવડાવી દીધું હતુ હું ભાગવાની કોશિશ કરતી હતી પણ પડી જતી હતી અને હું ભાગવાની કોશિશ કરતી હતી તો તેઓ મને પકડીને પાછી લઇ આવતા હતાં પછી સવારે કાર્તિકએ કીધેલુ કે આ છોકરાઓ સારા નથી હું તને ઘરે મુકી આવું અને કાર્તિક મને ડેપોમાં મુકી ગયેલો ત્યારબાદ બીજા ત્રણ છોકરાઓ ફરીથી આવેલા અને કીધું કે મારી સાથે ચલો નહીં તો અમે વીસ જણા એકસાથે સબંધ બાંધીશુ અને તે ત્રણ જણાઓના મને નામ ખબર નથી તે મારી સ્કુલમાં ભણતા નથી જો મને બતાવવામાં આવે તો હું તેઓને ઓળખી શકું અને આરોપીઓ આ ત્રણ માણસોને ઓળખતા હોય તો તેની મને ખબર નથી અને આ ત્રણ જણા મને ડેપોની પાછળના ભાગે આંબલીના ઝાડ પાસે નદી કીનારે લઇ ગયેલા જયા બધા છોકરાઓએ મારી સાથે સબંધ બાંધેલો પછી ધીમેધીમે ચાલીને હું જાતે ડેપોમાં આવી ગયેલી અને હું વાત કરવાની હાલતમાં ન હતી જેથી મે કોઈને વાત કરેલી નહીં, ત્યારબાદ હું માસીના ત્યાં ગયેલી જયાં મે માસીને વાત કરેલી કે આ રીતે છોકરાઓ મને લઇ ગયેલા છે અને મારી સાથે સંબંધ બાંધેલ છે પછી માસીએ મારા પપ્પાને ફોન કરેલો પછી મારા પપ્પા,મમ્મી, કાકા બધા માસીના ઘરે આવી ગયેલા અને થોડીવાર બેસીને વાતો કરતા હતાં પછી પોલીસ સ્ટેશનમાં ગયેલા પછી મારી સાથે જે બનેલુ તે જણાવેલ અને ફરીયાદ આપેલ. ભોગબનનાર સાહેદને નિ. ૯/૧ થી રજુ ફરીયાદ બતાવવામાં આવતા તેમા પોતાની સહી ઓળખી બતાવતા તે આંક–૧૧ થી રજુ કરેલ છે અને વધુમાં ભોગબનનાર સાહેદ જણાવે છે કે,પછી પોલીસવાળા મને દવાખાને લઈ ગયેલા ત્યારબાદ પોલીસ મને ડેડીયાપાડા કોર્ટમાં લઇ ગયેલ જયા મારો જવાબ આપેલો. (જે સી.આર.પી.સી કલમ–૧૬૪ મુજબનું નિવેદન પોકસો કેસ નં. ૦૬–૨૦૨૨ માં રજુ થયેલ છે) જે અસલ સી.આર.પી.સી. કલમ–૧૬૪ ની નકલ ભોગબનનારને બતાવવામાં આવતા  તેમા પોતાની સહી ઓળખી બતાવતા તે આંક–૧૨ થી રજુ કરેલ છે.વધુમાં ભોગબનનાર જણાવે છે કે મારી સાથે કાર્તિકે કંઇ કરેલ નથી અને મારી સાથે કોઇ સંબંધ બાંધેલ નથી.આ ભોગબનનાર સાહેદ ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો નહી આપતા વિ.સ્પે.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામા આવેલ છે.આ ભોગબનનાર સાહેદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્પષ્ટપણે

સ્વીકાર કરે છે કે,આજરોજ મે સરતપાસમાં જણાવેલ તે જ હકીકત મે પોલીસમાં,દવાખાને અને કોર્ટમાં જણાવેલ છે અને કાર્તિકે મારી સાથે કોઇ શરીર સંબંધ બાંધેલ નથી તેવું મે જણાવેલ છે.આમ,ભોગબનનાર સાહેદનો સંપુર્ણ પુરાવો વંચાણે લેવામા આવે તો આ ભોગબનનાર ફરીયાદપક્ષના સૌથી મહત્વના સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને બિલકુલ સમર્થન આપતા ન હોય સ્પે.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામા આવેલ છે પરંતુ ત્યારબાદ પણ સ્પે.પી.પી.શ્રીએ પુછેલ પ્રશ્નના જવાબમાં ભોગબનનારને પુછેલ હકીકતોની ભોગબનનારે સ્પષ્ટ ઈન્કારી કરેલ છે.વધુમાં ભોગબનનાર સાહેદ તેમની સરતપાસમાં જ સ્પષ્ટપણે જણાવે છે કે,મારી સાથે કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોરે કંઇ કરેલ નથી અને મારી સાથે કોઇ સંબંધ બાંધેલ નથી તેમજ ભોગબનનાર બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમાં પણ સ્પષ્ટપણે સ્વીકારે છે કે,આજરોજ મે સરતપાસમાં જણાવેલ તે જ હકીકત મે પોલીસમાં, દવાખાને અને કોર્ટમાં જણાવેલ છે અને કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોરે મારી સાથે કોઇ શરીર સંબંધ બાંધેલ નથી તેવું મે જણાવેલ છે ત્યારે ભોગબનનાર સાહેદ આ કામે કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોરે તેણીની સાથે તેણીની મરજી વિરૂધ્ધ કે મરજીથી શારીરીક સંબંધ બાંધી બળાત્કાર કરેલ હોય તેવી કોઇ જ હકીકત જણાવતા નથી.આમ,ભોગબનનારનો સોગંદપરનો પુરાવો વંચાણે લેતા કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશો તેણીને તેમના માતા–પિતાનાં કાયદેસરનાં વાલીપણામાંથી લલચાવી,ફોસલાવી,લગ્ન કરવાની લાલચ આપી,બદકામ કરવાના ઈરાદે અપહરણ અપનયન કરી ભગાડી લઈ ગયેલ હોય કે તેણીની સાથે તેણીની મરજીથી કે મરજી વિરૂધ્ધ શારીરીક સંબંધ બાંધી બળાત્કાર કરેલ હોય તેવી કોઇ જ હકીકત પુરવાર થતી નથી.આમ,ભોગબનનારનો પુરાવો વંચાણે લેતા તેણીએ પોતાની ફરીયાદ,બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ નાં નિવેદનની હકીકત કે ડોકટરશ્રી સમક્ષની હિસ્ટ્રીની હકીકતોને બિલકુલ સમર્થન આપેલ ન હોય અને તેનાથી વિરૂધ્ધની હકીકત પોતાના સોગંદપરના પુરાવામાં જણાવેલ હોય ત્યારે ફરીયાદપક્ષના આ સૌથી મહત્વનાં સાહેદના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને બિલકુલ મદદ મળતી નથી,તેમ માનવાને સ્પષ્ટ કારણ રહે છે.

૧૪) વધુમાં ભોગબનનારનાં પુરાવા સાથે ભોગબનનાર અને કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોરની મેડીકલ તપાસ કરનાર તબીબી સાહેદોનો પુરાવો વંચાણે લેવામાં આવે તો ફરીયાદપક્ષ તરફે કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોરની મેડીકલ તપાસ કરનાર તબીબી સાહેદ પ્રોસી.વીટ.નં.૧૨ ડો.રજનીકાંત રમણભાઇ વસાવાને આંક–૩૯ થી સોગંદપર તપાસવામાં આવેલા છે,આ સાહેદે તેમના સોગંદપરના પુરાવામાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, હું મેડીકલ ઓફીસર તરીકે સાત વર્ષથી ફરજ બજાવું છું અને બનાવ સમયે

ડેડીયાપાડા ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતો હતો અને હાલ સાગબારા ફરજ બજાવું છું અને ગઇ તા.૦૩/૦૨/૨૦૨૨ નાં રોજ સાંજના ૦૯:૪૦ કલાકે હું મારી ફરજ પર દેડીયાપાડા એસ.ડી.એચ. ખાતે હાજર હતો ત્યારે પો.કો કંચનભાઈ ખાલપાભાઈ બ.નં. ૬૫૭ નાઓ યાદી સાથે આરોપી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક રહે.પારસી ટેકરા,ડેડીયાપાડા, ઉ.વર્ષ.૧૬ ના ઓને મેડીકલ તપાસણી માટે લાવવામાં આવેલ અને આરોપીની શારીરીક અને ગુપ્ત ભાગની તપાસ થાય તેમજ જરૂરી નમુના લેવાય તે માટે તેમની સમંતિમાં સહી અને અંગુઠાનું નિશાન લેવામાં આવેલ અને આરોપીના ઓળખ ચિહ્નમાં જુના વાગેલા ઘાનુ નિશાન જમણા આંખની ઉપર હતુ તથા જમણા હાથ પર ટેટુ માર્ક પાડેલ છે અને આરોપીની હીસ્ટ્રી અલગ કાગળમાં લીધેલી અને આરોપીએ હીસ્ટ્રી તેણા શબ્દોમાં લખાવેલ છે કે, " હું તા.૩૧/૦૧/૨૦૨૨ નાં રોજ મને એક છોકરી બસ દેડીયાપાડા સ્ટેન્ડ પર સાંજના ૩:૦૦ વાગ્યાના અરસામા મળી હતી ત્યાંથી અમે એ છોકરી સાથે બારોટ સ્કુલ પાછળ ગયા હતા ત્યાં મેં તેની સાથે સંભોગ કર્યો હતો ત્યાંથી હું તેને ખેતરે લઈ ગયેલો હતો ત્યાં હું અને મારા મિત્રો વસાવા રાહુલ, સોલંકી રાહુલ, રવિ અતુલ પટેલ સાથે હતા ત્યાં અમે તેની સાથે સંભોગ કર્યો હતો અને ત્યાર પછી હું ઘરે જતો રહ્યો હતો." અને આરોપીની હીસ્ટ્રી નીચે આરોપીની સહી લીધેલી અને તેમા પોતાની સહી ઓળખી બતાવી વધુમાં જણાવે છે કે,આરોપીને બનાવ સબંધી પુછતાં બનાવ તા.૩૧/૦૧/૨૦૨૨ બપોરના ૦૩:૦૦ વાગે,બનાવની જગયા બારોટ સ્કુલ બાજુ નદી કીનારે આરોપીએ જણાવેલ હીસ્ટ્રીમાં પેનારઈલ વજાઇનલ પેનીટ્રેશન બાબતે પુછતાં " હા " લખાવેલ છે અને બનાવ બાદ પ્રાઈવેટ પાર્ટ/કપડાં/ વોશ કરેલ છે તેવું જણાવેલ છે અને પેશાબ કરેલ છે અને કપડાં બદલેલ છે અને જુના કપડાં ઉપલબ્ધ છે અને અંડરગારમેન્ટ વોશ કરેલ છે અને સ્નાન કરેલ છે અને બનાવ દરમ્યાન આલ્કોહોલનું સેવન કરેલ છે તેવી હીસ્ટ્રી આપેલ છે અને આરોપીની શારીરીક તપાસ કરતાં કપડાં પર કોઈ બાહ્ય પદાર્થ લોહી,વીર્ય,સંડાસ,લીપસ્ટીક વાળ,ઘાસ કે બીજો કોઈ પદાર્થ મળી આવેલ નથી અને બટન અને ચેઈન ઈનટેક છે તુટેલી નથી અને આરોપીના શરીરનું બધારણમાં બાંધો મજબુત છે, ઉચાઈ ૧૬૫ સે.મી.,વજન ૫૪ કિગ્રા.,પલ્સ ૮૨ પ્રતિ મિનિટ, શ્વાસોશ્વાસના દર ૧૮ પ્રતિ મિનિટ અને બલડ પ્રેશર ૧૧૪/૬૪ હતું અને આરોપીની શરીરની બાહ્ય તપાસ કરતા કોઈ ઈજા જણાઈ આવેલ નહી અને આરોપીના શરીરના આંતરીક ભાગોની તપાસ કરતાં કોઈ ઈજાના નિશાન જણાઈ આવેલા નહી અને આરોપીની લેબૉરેટરી તપાસ કરતાં એચ.આઈ.વી. એચ.બી.એસ.એ.જી. વી.ડી.આર.એલ નેગેટીવ હતા અને આરોપીના માથાના વાળ, બંને હાથના નખ,લોહી ગ્રુપીંગ,લોહી ડીએનએ માટે,સીમેન,ઓરલ સલાઇવા,બગલના વાળ,પયુબીક હેર, પ્રોસ્તેટીક સ્વાબ અને પેનીસનો સ્વાબના સેંપલ લીધેલા અને તમામ સેંપલ

લેબલ કરીને સીલ કરેલ હતા અને સીલ કરીને પોલીસ સ્ટેશનમાં આપેલ હતાં અને મારા પ્રોવીઝનલ અભિપ્રાય મુજબ હાલમાં આરોપીએ સંભોગ ન કરેલ હોય તેવું કહી શકાય નહીં તેમ છતાં જે અંતિમ અભિપ્રાય એફ.એસ.એલ.નાં રીપોર્ટના આધીન છે જે બાબતનું મે સર્ટીફીકેટ આપેલ. સાહેદને નિ.૯/૧૦ થી રજુ આરોપીનુ મેડીકલ સર્ટી બતાવવામાં આવતા તેમા પોતાની સહી અને સીકકો ઓળખી બતાવતા તે આંક-૪૦ થી રજુ કરેલ છે. વધુમાં સાહેદ જણાવે છે કે હું આરોપીઓને ઓળખુ છું.સાહેદ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, હું છેલ્લા ત્રણ વર્ષથી મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવું છું અને મેડીકો લીગલ સ્ટેટમાં ઘણાં મેં ડીલ કરેલા છે અને સાધારણ રીતે મેડીકો લીગલ સ્ટેટમાં હીસ્ટ્રી સર્ટીફીકેટમાં જ લખવાની હોય છે, અલગથી કોઇ નિવેદન લેવાનું ન હોય કે સહી લેવાની ન હોય અને અલગથી જો હીસ્ટ્રી લેતાં હોય તો તેની નીચે સહી લેવાની ફરજીયાત નથી અને સર્ટીફીકેટમાં પણ હીસ્ટ્રી બાબતે અલગથી સહી લેવાનો કોઈ ઉલ્લેખ નથી અને આ સિવાયના કેસોમાં અલગથી કાગળ ઉપર મેં હીસ્ટ્રીની નીચે સહી લીધેલ નથી અને મારે દર્દીને ઈજાની હીસ્ટ્રી લેવાની હોય છે અને આ કિસ્સામાં જે કોઈને તપાસ્યા છે તેઓને ઈજા નથી અને આ લોકોને પોલીસ જાપ્તા સાથે મારી સમક્ષ લઇ આવેલ હતાં અને ત્યાં મેં તેઓની તપાસ કરેલ હતી અને મારા સર્ટીફીકેટમાં તાજેતરમાં આરોપીઓએ કોઈ શરીર સંભોગ કરેલ હોય તે બાબતના કોઈ ચિહ્નો મળેલ નથી અને સામાન્ય રીતે જો કોઈ માણસ એક વાગ્યાથી રાતના આઠ વાગ્યા સુધી આલ્કોહોલનું સેવન કરે તો તે ઓડીનર કોષમાં હલનચલન કરી શકે નહીં.બચાવપક્ષે અન્ય પુછવામા આવેલ પ્રશ્નોના જવાબમાં સાહેદે સ્પષ્ટ ઈન્કારી કરેલ છે.

તે જ રીતે ફરીયાદપક્ષ તરફે ભોગબનનારની મેડીકલ તપાસ કરનાર તબીબી સાહેદ પ્રોસી.વીટ.નં.૧૩ ડો.ફાલ્ગુની રઘુભાઇ ગાવીતને આંક-૪૨ થી સોગંદપર તપાસવામાં આવેલા છે,આ સાહેદે તેમના સોગંદપરના પુરાવામાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે,હું મેડીકલ ઓફીસર તરીકે છેલ્લા અગિયાર વર્ષથી સરકારી હોસ્પીટલ દેડીયાપાડા ખાતે ફરજ બજાવતી હતી અને તા. ૦૩/૦૨/૨૦૨૨ નાં રોજ વહેલી સવારના ૦૧:૩૦ કલાકે હું મારી ફરજ પર હતી ત્યારે ચેતનાબેન એસ.વસાવા લોકરક્ષક બ.નં.૦૭૨ નાઓ ભોગબનનાર કે જેઓની ઉમંર ૧૬ વર્ષ ૫ મહીના ૧૦ દીવસનીઓને યાદી સાથે મેડીકલ તપાસણી માટે લાવેલ હતાં અને ભોગબનનારની શારીરીક અને ગુપ્ત ભાગોની તપાસ થાય તેમજ જરૂરી નમુના લેવાય તે માટેની સમંતિ તેમના માતા નવીબેન સાંગલીયાભાઇ વસાવા તેમજ ભોગબનનારની ઓપીડી કેસ પેપર પર નવીબેનનો ડાબા હાથનો અંગુઠો અને ભોગબનનારની સહી લીધેલ અને ભોગબનનારની તપાસ ચેતનાબેન એસ.વસાવા તેમજ નવીબેન સાંગલીયાભાઈ વસાવાની હાજરીમાં થયેલ છે અને ભોગબનનારના ઓળખ ચિહ્નમાં ત્રણ કાળા તલ નાક પર તેમજ ડાબા અંગુઠાની છાપ

લીધેલ છે અને ભોગબનનારની મેડીકલ હીસ્ટ્રી મુજબ તેણી ૧૩ વર્ષની ઉમરે માસીકમાં આવેલ હતી અને દર મહીને માસીક ચાર દીવસ આવતું હતું, માસીકની છેલ્લી તારીખ ૦૫/૦૧/૨૦૨૨ હતી, ભોગ બનનારની મેડીકલ તપાસ વખતે તેમજ બનાવ વખતે માસીકમાં ન હતાં અને તેણી બનાવ વખતે સગર્ભા ન હતી અને ભોગબનનારે બનાવની હીસ્ટ્રી તેણા શબ્દોમા લખાવેલ છે કે, " હું તા.૩૧/૦૧/૨૦૨૨ નાં રોજ સવારે ૦૯:૦૦ વાગે નિશાળે જુના મોઝદા જવા નીકળી ઈકો ગાડીમાં બેસીને ડેડીયાપાડા બસનો પાસ કઢાવવા ગઈ ડેડીયાપાડા ફોટો પડાવવા ગઈ ફોટો પાડીને બસ સ્ટેશને ગઈ ડેપો પર થોડીવાર બેસી છોકરાઓ મારી પાસે આવ્યા મારી જોડે જબરદસ્તી કરવા લાગ્યા પકડીને નદી કીનારે લઈ ગયા એક પછી એક બધા છોકરા શારીરીક સબંધ રાખવા લાગ્યા રાત્રે મને નદીની બાજુમાં આવેલા કાચા મકાનમાં લઈ જઈ એક પછી એક બધા છોકરાઓએ શારીરીક સંબંધ રાખ્યો.એક છોકરો મારી જોડે રહેલો બાકીના જતા રહેલા સવારે બીજો કોઈ છોકરો બસ સ્ટેન્ડ પર મુકવા આવેલો. આખો દીવસ ડેપો પર રહેલી સાંજે બસ ચુકી ગયેલી એટલે સાંજે માસીને ત્યાં જતી રહેલી." અને ભોગબનનારની હીસ્ટ્રી મુજબ બનાવની તા.૩૧/૦૧/૨૦૨૨ સાંજે અને રાત્રે જગ્યા નદી પાસે અને ખેતરમાં આવેલા ઘરમાં અને સમયગાળો એક થી વધારે વખત અને આરોપીઓની સંખ્યા આઠ જેમાંથી પાંચ નામ લખાવેલ છે જેમાં નં. (૧) કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક (૨) રાહુલ (૩) રવિ (૪) રાહુલ (૫) અંકુશ તમામની ઉમંર આશરે ૧૮ થી ૨૧ તેણી આરોપીઓને અગાઉથી ઓળખતી ન હતી અને ભોગ બનનારની હીસ્ટ્રી મુજબ રાહુલે માથામાં હાથથી મારેલ હતું અને કાયદાના સંઘર્ષમા આવેલ બાળકે વાળ ખેંચ્યા હતા અને તેણીને ડરાવવામાં આવેલ હતી અને પુરૂષ જનનાંગો દ્વારા સબંધ રાખવામાં આવેલ હતો અને વીર્ય બહાર આવેલ હતું જેથી વીર્ય તેની જાંઘ અને કપડા પર પડેલ હતું અને નિરોધનો ઉપયોગ થયેલ હતો અને તેણીએ અંતઃવસ્ત્રો અને કપડાં બદલેલ હતા અને બનાવ વખતે પહેરેલ કપડાં અને અંત:વસ્ત્રો પોલીસને આપી દેવામાં આવેલ હતાં અને તેણીએ સ્નાન કરેલ ન હતું તેમજ ઝાડો પેશાબ કરેલ હતું અને ભોગબનનારની શારીરીક તપાસ કરતાં તેના શરીરનું તાપમાન ૯૭.૦ ફેરનહાઈટ, નાડીના ધબકારી ૯૬ પ્રતિ મિનિટ, શ્વાસોશ્વાસના દર ૧૮ પ્રતિ મિનિટ, બ્લડ પ્રેશર ૧૨૦/૭૦ હતું અને તેણીને પેટમાં દુખાવાની ફરીયાદ હતી અને શરીરની બાહ્ય તપાસ કરતાં કોઈ દેખીતી ઈજા ન હતી તેમજ ગુપ્ત ભાગની તપાસ કરતાં કોઈ દેખીતી બાહ્ય ઈજા ન હતી અને પેશાબ ધવાર, વેસ્ટીબયુલ સામાન્ય, લેબિયા–મેજોરા, લેબીયા માઇનોરા કોઇ ઈજા ન હતી અને આંતરીક અંગોની તપાસ માટે ગાયનેકોલોજીસ્ટને રીફર કરેલ હતાં અને લેબોરેટરી તપાસ કરતાં પ્રેગનેન્સી ન હતી અને ભોગબનનારના બોટલ નં. ૧ માથાના વાળ, બોટલ નં. ૨ બગલના વાળ, બોટલ નં. ૩ જનનાંગોના વાળ, બોટલ નં. ૪ લાળ, બોટલ નં.

૫ નખ, બોટલ નં. ૬ ઈડીટીએ વૈકયુટી લોહી, બોટલ નં. ૭ જનનાંગોના બહારના ભાગનો સ્વાબના સેંપલ લીધેલા અને તમામ સેંપલ લેબલ કરીને સીલ કરેલ હતા અને સીલ કરીને પોલીસ સ્ટેશનમાં આપેલ હતાં અને ભોગબનનારની પેટના દુખાવાની સારવાર કરવામાં આવેલ હતી અને મારા અંતિમ અભિપ્રાય મુજબ એફ.એસ.એલ રીપોર્ટ અને ગાયનેકોલોજીસ્ટના રીપોર્ટ પછી આપી શકાય અને જે બાબતનું મે સર્ટીફીકેટ આપેલ.સાહેદને નિ.૯/૯ થી રજુ ભોગબનનારનું મેડીકલ સર્ટીફીકેટ બતાવવામાં આવતા તેમા પોતાની સહી તથા સીકકો ઓળખી બતાવતા તે આંક-૪૩ થી રજુ કરેલ છે.સાહેદ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મારા રીપોર્ટના ૧૫-એ vii માં જે હીસ્ટ્રી ભોગબનનારે લખાવેલ છે તેમાં કોઈ વ્યક્તિના નામ નથી અને આ કોલમમાં જણાવ્યા મુજબ કયા વ્યકિતએ શું કર્યુ છે તેવું ભોગબનનારને જણાવેલ નથી અને મારા કોલમ નં. ૧૫-એ Vi S મારા જણાવ્યા મુજબ આરોપીઓને ભોગબનનાર અગાઉથી ઓળખતા ન હતાં અને ભોગબનનારે પેટમાં દુખાવાની ફરિયાદ કરેલી જેથી તેઓને દવા આપેલી અને મારા કોલમ નં.૧૯ માં એવડીવેશનમાં NAD નો મતલબનો એબનોર્માલીટી ડીટેક્ટેડ છે અને ભોગ બનનારના જોઘ પરથી મે કોઇ સેમ્પલ કલેકટ કરેલા નથી.બચાવપક્ષે સાહેદનો એવો સવાલ પુછવામા આવેલ છે કે, ક્લીન/વોશ નો શું મતલબ થાય છે ? જેના જવાબમા જણાવેલ છે કે,એનો સામાનચ મતલબ થાય છે કે સાઠ અને પોયેલા કપડાં.વઘુમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે,સામાન્ય સંજોગોમાં ઝાડા ઝાખરાંમા જો કોઈ પણ યુવતી સાથે સંભોગ કરવામાં આવે તો યુવક તથા યુવતીને ઈજાઓ થવાની શક્યતા છે અને જો કોઇ રફ સરફેસ પર શરીર સંભોગ કરવામાં આવે તો ઇજા થવાની શક્યતા છે અને મારી પાસે ભોગબનનારની મેડીકલ તપાસણી માટે જે યાદી લઈને આવેલા તેમાં બનાવની ટુંકમાં હકીકત લખેલી હતી અને મારે બનાવની હકીકતના અનુસંઘાને ભોગબનનારને જે લોકરક્ષક લઈ આવેલા હતા તેમની સાથે કોઈ વાતચીત થઇ નથી અને આ મારી હીસ્ટ્રીમાં ભોગબનનારને માર મારવામાં આવેલ હોય તેવો ઉલ્લેખ કરેલ નથી અને ભોગબનનારની હીસ્ટ્રીમાં ભોગ બનનાર પર કોઈ હુમલો કરવામાં આવેલ છે તેવો કોઈ ઉલ્લેખ નથી અને હીસ્ટ્રીના કોલમમાં " નિરોધ " વાપરવામાં આવેલ છે તેવો ઉલ્લેખ નથી અને મે ભોગ બનનારની ઉમંર બાબતે કોઈ મેડીકલ એકઝામીનેશન કરેલ નથી. બચાવપક્ષે અન્ય પુછવામા આવેલ પ્રશ્નોના જવાબમાં સાહેદે સ્પષ્ટ ઈન્કારી કરેલ છે.

તે જ રીતે ફરીયાદપક્ષ તરફે ભોગબનનારની મેડીકલ તપાસ કરનાર તબીબી સાહેદ પ્રોસી.વીટ.નં.૧૬ ડો.પલક પ્રદિપકુમાર વૈષ્ણવને આંક-૫૪ થી સોગંદપર તપાસવામાં આવેલા છે,આ સાહેદે તેમના સોગંદપરના પુરાવામાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે,હું

તા.૦૩/૦૨/૨૦૨૨ નાં રોજ આસી. પ્રોફેસર તરીકે એસ.એસ.જી હોસ્પીટલમાં મારી ફરજ પર હાજર હતી ત્યારે સાંજે ૦૫:૦૩ વાગે વુ.પો.કો સંગીતાબેન વસાવા બ.નં. ૧૦૨ ભોગબનનારને મારી પાસે શારીરીક તપાસ માટે લાવેલ જે શારીરીક તપાસ માટે અમોએ ભોગબનનાર અને તેણીની માતાની સમંતિ લીધેલી અને ભોગબનનારના ઓળખ ચિહ્નમાં જમણા હાથ પર તલનું નિશાન હતું અને ડાબા ખભા પર તલનું નિશાન હતું અને તેણીને બનાવ અંગે પુછતા તેણીએ જણાવેલ કે, "તા. ૩૧/૦૧/૨૦૨૨ નાં રોજ સવારે હું ઘરેથી ૦૯:૦૦ વાગે નિશાળમાં જવા માટે ઈકો ગાડીમાં બેસી હાટ ચોકડી પર ઉતરી પછી બસના પાસ માટે ફોટો પડાવવા જય અંબે સ્ટુડીયો માં ગઈ પછી ડેપોમાં ગઇ જયાં બસની રાહ જોતાં બે–ત્રણ કલાક બેઠી પછી બાથરૂમ ગઈ તે વખતે બસ ચુકી ગઈ બીજી બસ સાંજે ચાર વાગે હોવાથી હું બસ સ્ટેશન પર રાહ જોતી બેઠી હતી તે દરમ્યાન ત્રણ છોકરાઓ આવેલા અને મને જોઇને ચાળા પાડતા હતાં અને મારી બાજુમાં આવીને બેસી ગયા અને કહેવા લાગ્યા કે મારી સાથે પ્રેમ સબંધ રાખીશ કે નહી, મે ના પાડતા મને હાથ પકડી બસ ડેપો પાસેના નાના રસ્તાથી એક મકાનમાં લઇ ગયા, આ ત્રણ છોકરામાંથી કોઈ એકનું નામ અંકુશ જેવું કંઈક હતું જે ત્યાંથી ભાગી ગયો હતો, મકાનમાં એક છોકરાએ મારી સાથે મારી મરજી વિરૂધ્ધ નિરોધના ઉપયોગ સાથે શારીરીક સબંધ બાંધ્યો હતો ત્યાંથી પછી મને નદી કીનારે લઈ જતા હતાં ત્યારે રસ્તામાં ડેડીયાપાડા ગામનો એક છોકરો મને મળ્યો તે કહે કે આ છોકરીને છોડી દે આથી બેમાંથી એક છોકરો ડરીને ભાગી ગયો, એક છોકરો રહેલો જેને મકાનમાં સબંધ બાંધ્યો હતો તે છોકરાએ નદી કીનારે મારી સાથે મારી મરજી વિરૂધ્ધ નિરોધના ઉપયોગ સાથે ફરીથી શરીર સબંધ બાંધ્યો હતો અને તેના ત્રણ ફ્રેન્ડ રાહુલ, રવિ અને કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકને ફોન કરીને ત્યાં બોલાવ્યા હતા પછી રાત્રે મને ખેતરમાં લઈ જઈ રાહુલ, રવિ, કાયદાના સંઘર્ષમા આવેલ બાળકે મારી સાથે મારી મરજીવિરૂધ્ધ નિરોધનો ઉપયોગ કરીને એક એકવાર સબંધ બાંધ્યો અને રાહુલે લાફો પણ મારેલો, સવારે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક નામનો છોકરો મને ડેપો પર મુકી ગયેલો ત્યાથી હું માસીના ઘરે જતી રહેલ હતી." વધુમાં ભોગ બનનારની તપાસ કરતાં તેણીની સામાન્ય સ્થિતી નોર્મલ હતી, તેણીને કોઈ બાહ્ય કે આંતરીક ઈજાના નિશાનો ન હતા, તેણીનો યોની પટલ જુનો તુટેલો હતો, તેણીનો યુપીટી ટેસ્ટ નેગેટીવ હતો, સોનોગ્રાડી નોર્મલ હતી અને ભોગબનનારના તમામ નમુના ડેડીયાપાડા સી.એચ.સી ખાતે લેવામાં આવેલા અને ભોગબનનારને અમે સાયકેટ્રીક રેફરન્સ માટે મે રીફર કરેલ અને મારા અભિપ્રાય પ્રમાણે તેણીને કોઈ બળજબરીના ચિહ્નો ન હતાં તેણીને સાથે શારીરીક સંબંધ બંધાયાની શક્યતા નકારી શકાય નહીં અને આ અંગેનું મે સર્ટીફીકેટ આપેલુ.સાહેદને નિ. ૯/૧૧ થી રજુ મેડીકલ સર્ટીફીકેટ બતાવવામાં આવતા તેમા પોતાની સહી અને સીકકો ઓળખી બતાવતા તે આંક–૫૫ થી રજુ કરેલ છે અને વધુમાં

જણાવેલ છે કે,મે ડો.મહેશ સુથાર સાયકેટ્રીક રેફરન્સને ત્યાં રીફર કરેલ.સાહેદ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, યોની પટલ તુટવાના ઘણા બધા કારણો હોય છે અને મેં મારા અભિપ્રાયમાં જે શારીરીક સબંધ બંધાયાની શક્યતા નકારી શકાય નહીં તે બતાવેલ છે તે યોની પટલ તુટવાના કારણે બતાવવામાં આવેલ છે અને ભોગબનનાર આરોપીને ઓળખતી ન હતી સાહેદ સ્વેચ્છાથી જણાવે છે કે આરોપી ઓ એકબીજાને અંદર અંદર વાતચીત કરતા હતાં જેથી ભોગબનનારને નામ ખબર છે અને ભોગ બનનાર આરોપીઓના એકબીજાને અંદરઅંદર વાતચીત કરતાં હતા જેથી ભોગબનનારને આરોપીઓના નામ ખબર પડેલ તે હકીક્ત મે મારા મેડીકલ સર્ટીફીકેટમાં લખેલ નથી અને ભોગ બનનારે છ માણસો હતાં તેવું લખાવેલ છે અને આંક ૫૫ વાળા મારા સટીફીકેટના કોલમ નં. ૧૫–એ " હીસ્ટ્રી ઓફ સેક્સ્યુઅલ ઓફેન્સ ના કોલમ V માં નબર ઑફ એસીલેન્ટ એન્ડ નેમ્સ " માં માત્ર છ લખેલ છે નામ લખાવેલ નથી અને ભોગબનનાર સાથે તેમની આંટી સંગીતાબેન મુકેશભાઈ વસાવા હતાં.આ સાહેદને બચાવપક્ષે એવો સવાલ પુછવામા આવેલ છે કે, જે વખતે ભોગબનનારની પુછપરછ કરી ત્યારે આ સંગીતાબેન અને પોલીસવાળા ત્યાં હાજર હતાં કે નહીં ? જેના જવાબમા જણાવેલ છે કે,હાજર હતાં નહી તેમજ પોલીસવાળા પણ ત્યાં હાજર હતાં નહીં. વધુમાં સાહેદ સ્વીકારે છે કે,ભોગબનનારની હીસ્ટ્રી પુછતાં અને હીસ્ટ્રી લખાવતા આશરે અડધો કલાક થી પોણા કલાકનો સમય લાગે છે અને ગેંગરેપ કીસ્સામાં અમે રૂટીન સાયકેટ્રીકને રીફર કરીએ છીએ અને ભોગબનનારને તેઓની હીસ્ટ્રી પુછતા અને તેઓએ હીસ્ટ્રી લખાવતા તેઓને સાયકેટ્રીકને રીફર કરવા માટેની જરૂરીયાત જણાઈ આવતાં રીફર કરેલ છે અને આ હીસ્ટ્રીમાંથી કોઈ ચોકકસ વાતથી હું કહી શકુ નહીં કે તેણીને સાયકેટ્રીકને કેમ રીફર કરવામાં આવેલ છે અને આ બધા કોલમ ભોગબનનારને પુછીને ભરવામાં આવેલ હતાં. બચાવપક્ષે અન્ય પુછવામા આવેલ પ્રશ્નોના જવાબમાં સાહેદે સ્પષ્ટ ઈન્કારી કરેલ છે.આમ,આ તબીબી સાહેદોનો પુરાવો વંચાણે લેતા ભોગબનનારનું યોનીપટલ તુટેલુ હતુ અને તેણીની સાથે શરીર સંબંધ બંધાયેલાની શક્યતા નકારી શકાય તેમ નહી હોવાનું તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર શરીર સંબંધ બાંધવા માટે સક્ષમ હોવાનું માનવામાં આવે તો પણ અગાઉ ચર્ચા કર્યા મુજબ ખુદ ભોગબનનારે તેણીના પુરાવામાં કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરે તેણીની સાથે શારીરિક સંબંધ બાંધેલ હોય તેવી કોઈ જ હકીકત જણાવેલ ન હોય ત્યારે તેણીનું યોનીપટલ તુટેલ હોવા માત્રથી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરે તેણીની સાથે શારીરિક સંબંધ બાંધેલાનું માની શકાય નહી,તેવા સંજોગોમાં કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરે ભોગબનનાર સાથે શારીરીક સંબંધ બાંધેલ હતો તેવી હકીકત ફરીયાદપક્ષ નિ:શંકરીતે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ થયેલ છે તેમ માનવાને સ્પષ્ટ કારણ રહે છે અને

તેથી તબીબી સાહેદોના પુરાવાથી જયારે ખુદ ભોગબનનાર સાહેદ તબીબી સાહેદોએ તેમના પુરાવામાં જણાવેલ હિસ્ટ્રીની હકીકતોને સમર્થન આપતા નથી ત્યારે તબીબી સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને કોઇ ખાસ મદદ મળતી હોય તેમ જણાતુ નથી.

૧૫) વધુમાં ભોગબનનારના પુરાવા સાથે તેમના માસી,માસા અને પિતાનો સોગંદપરનો પુરાવો વંચાણે લેવામાં આવે તો ફરીયાદપક્ષ તરફે ભોગબનનારનાં માસી પ્રોસી.વીટ.નં.૩ સાહેદ સંગીતાબેન મુકેશભાઇ વસાવાને આંક–૨૨ થી સોગંદપર તપાસવામાં આવેલા છે,આ સાહેદે તેમના સોગંદપરના પુરાવામાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે,મારા પતિ જંગલ ખાતામાં નોકરી કરે છે અને ગયા મહીનાના આગલા મહીનાની છેલ્લી તારીખ હતી તે દીવસે હું મારા ઘરે હતી ત્યારે સાંજે ૦૬:૦૦ વાગે મારા બનેવી સાંગલીયાભાઈનો ફોન આવેલો અને મને જણાવેલ કે ભોગબનનાર ઘરે આવેલ નથી તમે તપાસ કરજો જેથી મે તપાસ કરેલી પરંતુ તે દીવસે મળી આવેલ નહીં, ત્યારપછી અચાનક સાંજે છ વાગે ભોગબનનાર ઘરે આવેલી જેથી મે બનેવીને જણાવેલ કે ભોગબનનાર મારા ઘરે આવી ગઈ છે જેથી બનેવી,બહેન તેમજ ભાઈ વગેરેનાઓ ઘરે આવેલા જેથી ભોગબનનારને અમે બધાએ પુછતાં તેણે જણાવેલ કે, " હું સ્કુલમાં ગયેલી નહી પરંતુ સીધી ડેડીયાપાડા ગુરૂવારી ચોકડી આવેલ અને બસનો પાસ કઢાવવા માટે ફોટા પડાવવા ગયેલી ત્યાંથી ડેડીયાપાડા બસ ડેપોમાં ગયેલી અને ત્યાં બેસીને બસની રાહ જોતી હતી પછી રાહ જોતાં જોતાં મોડું થઇ ગયુ પછી મારા ઘરે આવેલી અને પછી મારા બનેવીને ફોન કરેલો કે ભોગ બનનાર આવેલી છે અને પછી બનેવી, બહેન અને બધા આવેલા પછી અમે બધાએ પુછેલ કે કયા ગયેલી તો પછી ભોગ બનનારે જણાવેલ કે બધા છોકરાઓ આવેલા અને મને જબરદસ્તી લઈ ગયેલા." બસ સ્ટેન્ડની પાછળ આવેલ મકાનમાં પહેલા લઈ ગયેલા તે સિવાય મને બીજું કંઈ કહેલ નથી,ત્યારપછી ભોગબનનારને લઈને અમે બધા પોલીસ સ્ટેશન ગયેલા, જયાં ભોગબનનારે ફરીયાદ આપેલી અને પોલીસે મારૂ નિવેદન લીધેલું અને આરોપીઓને મે જોયેલ નથી કે તેમના નામની પણ મને ખબર નથી.સાહેદ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો ઈન્કાર કરે છે કે પોલીસે માત્ર મારૂ નામઠામ પુછેલ તે સિવાય બીજું કંઈ પુછેલ નહી.

તે જ રીતે ફરીયાદપક્ષ તરફે ભોગબનનારનાં માસા પ્રોસી.વીટ.નં.૪ સાહેદ મુકેશભાઇ રૂમાભાઇ વસાવાને આંક–૨૩ થી સોગંદપર તપાસવામાં આવેલા છે,આ સાહેદે તેમના સોગંદપરના પુરાવામાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, સંગીતાબેન મારી પત્ની થાય છે જેઓ અભણ છે,હું જંગલખાતામાં બીટગાર્ડ તરીકે નોકરી કરૂ છું અને હું તા. ૩૧/૦૧/૨૦૨૨ નાં રોજ સાંજના ઘરે આવેલા ત્યારે મારી પત્ની પર બનેવીનો ફોન આવેલો અને પુછતા હતાં કે ભોગબનનાર તમારે ત્યાં આવેલા છે તે દીવસે અમારે ત્યાં આવેલી ન હોય જેથી ના પાડેલી અને

અમે ભોગબનનારની તપાસ કરેલી પરંતુ તે દીવસે મળી આવેલ નહીં અને ત્યારબાદ તા.૦૧/૦૨/૨૦૨૨ નાં રોજ સાંજના છ એક વાગ્યાની આસપાસ ભોગબનનાર અમારા ઘરે આવેલી જેથી મારી પત્નીએ બનેવીને ફોન કરી જાણ કરેલ કે ભોગબનનાર અમારા ઘરે આવેલી છે,ત્યારબાદ ભોગબનનારમાં માતા પિતા તેમજ ભાઈ અમારા ઘરે આવેલા, જેથી અમે બધાએ ભોગબનનારને પુછેલ કે ગઇકાલે કયા હતી તો તેણે જણાવેલ કે, "હું પાસ કઢાવવા માટે ફોટા પડાવવાના હોય જેથી ડેડીયાપાડા આવેલી અને ફોટા પડાવી ડેડીયાપાડા બસ ડેપોમાં ગયેલી ત્યારે કાર્તિક બોલાવે છે તેમ મને કહીને અંકીત મનને બારોટ હાઇસ્કુલના પાછળના ભાગે આવેલ પી.ડબલ્યુ.ડી.ના ક્વાટર્સમાં લઇ ગયેલા અને અંકીતે મારી સાથે બળજવરીપુર્વક સબંધ બાધેલો પછી સાંજના કાર્તિક અને અંકીતના બીજા મિત્રો મોબાઇલ કોન્ટેક થયો હશે અને તે મોબાઇલ કોન્ટેકથી ધામણ ખાડી ખાતે કાર્તિકના ખેતર પર બોલાવેલ પછી બે રાહુલ નામના છોકરાઓ,એક રવિ,એક આકાશે એ લોકોએ પણ મારી સાથે બળજબરીપુર્વક શરીરસબંધ બાંધેલો અને મને ધાક ધમકી આપેલી પછી મને મુકવા માટે એક રાહુલ કરીને છોકરો હતો તે પહેલી તારીખે સાંજના ડેપોએ મુકવા આવેલો." બાદમાં અમે બધા પોલીસ સ્ટેશનમાં ગયેલા અને ભોગબનનારે ફરીયાદ આપેલી અને પોલીસે મારૂ નિવેદન લીધેલું અને આરોપીઓને મે જોયેલ નથી કે ઓળખતો નથી.સાહેદ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે,આ બનાવની હકીકત મને ભોગબનનારના કહેવાથી ખબર પડેલી અને મે કોઇ બનાવ નજરે જોયેલ નથી.

તે જ રીતે ફરીયાદપક્ષ તરફે ભોગબનનારનાં પિતા પ્રોસી.વીટ.નં.૫ સાહેદ સાંગલીયાભાઇ ખુમાનસીંગ વસાવાને આંક-૨૪ થી સોગંદપર તપાસવામાં આવેલા છે,આ સાહેદે તેમના સોગંદપરના પુરાવામાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, મારે સંતાનમાં એક છોકરી અને બે છોકરા છે જેમાં સૌથી મોટો છોકરો અવિનાશ છે ત્યારપછી ભોગબનનાર છે, જે ધોરણ-૧૧ માં મોઝદા સરકારી માધ્યમિક શાળામાં ભણતી હતી,ત્યારબાદ છોકરો વીલ્સન છે જે ધોરણ-૯ માં ગામની શાળામાં ભણે છે અને તા.૩૧/૦૧/૨૦૨૨ નાં રોજ ભોગબનનાર સવારે સાડા નવ કલાકે સ્કુલે જવા માટે નીકળેલી તે વખતે અમે બધા ઘરે હતાં,ત્યારપછી સાડા દસેક વાગે હું, મારી પત્ની તેમજ છોકરો વીલ્સન ખેતરમાં ગયેલા, ત્યારપછી અમે ખેતરથી સાડા પાંચ વાગ્યાની આસપાસ ઘરે આવેલા, ત્યારે અવિનાશ ઘરે હતો અને ભોગબનનાર ઘરે આવેલ છે કે કેમ તેમ પુછતાં અવિનાશે કીધું કે ભોગબનનાર ઘરે આવેલ નથી, જેથી હું બાઇક પર બેસીને આજુબાજુ ભોગબનનારની શોધખોળ કરવા ગયેલો અને અમારા સગા સબંધીના ત્યાં મોબાઇલ ફોન કરીને ભોગબનનારની તપાસ કરેલી અને શોધખોળ કરી હું રાતના બારેક વાગે ઘરે આવેલો અને બીજા દીવસે સવારમાં હું,મારા પત્ની,મારો છોકરો બાઇક પર બેસીને

બીજા દીવસે પણ શોધખોળ કરતા હતા અને સગા સબંધીઓને ફોન કરીને તપાસ કરતા હતાં, ત્યારબાદ સાંજના સાડા પાંચ થી છ વાગે ભોગબનનારની માસીનો ડેડીયાપાડાથી ફોન આવેલો અને જણાવેલ કે ભોગબનનાર અમારા ઘરે આવેલા છે જેથી હું, મારા પત્ની, અવિનાશ સાથે બાઇક પર ડેડીયાપાડા મુકામે સંગીતાબેનના ત્યાં આવેલા ત્યા મે જોયું તો ભોગબનનાર ખુબ જ બીકમાં હોય જેથી બોલવાની પણ હાલતમાં ન હતાં જેથી મે મારા બીજા સગા સબંધીઓને ફોન કરી બોલાવેલા, ત્યારબાદ ભોગબનનાર મારી છોકરીને પુછતાં તેણે જણાવેલ કે, " હું બસનો પાસ કઢાવવા માટે ફોટા પડાવવા માટે ડેડીયાપાડા આવેલી હતી. હું જય અંબે ફોટો સ્ટુડીયોમાં ફોટો પડાવી ઘરે પરત આવવા માટે ડેડીયાપાડા બસ સ્ટેશન પર બેઠી હતી ત્યા અંકિત આવેલો જે અંકિત તેને ઓળખતો હશે અને તે મને મદદ કરશે પછી અંકિત હાથ પકડીને ખંડેર મકાનમાં લઈ ગયેલો અને ત્યાં પહેલાંથી બે છોકરાઓ હતાં અને આ બે છોકરાઓએ મારી સાથે શરીર સબંધ બાંધેલ અને સાંજ સુધી ત્યાં રાખેલી અને ત્યાંથી ખંડેર મકાન છે ત્યાં મોટું મેદાન છે ત્યાંથી ઝાડી છે ત્યાં ઝાડીમાં લઇ ગયેલા જે ઘામણ ખાડીના કીનારે છે ત્યાં આકાશ, રાહુલ અને અંક્તિએ વારાફરતી મારા ઉપર ગુનો કરેલો ત્યારપછી ઘામણ ખાડી થી ચેકડેમ તુટેલો છે ત્યાંથી રસ્તો જાય છે ત્યાંથી બળજબરી ખેંચીને લઇ ગયેલા ત્યાં હું કહેતી હતી કે મને બચાવો મને છોડી દો મારા પિતા રાહ જોતાં હશે ત્યા રાહુલના ખેતરમાં એક લાકડાની ઝુંપડી છે તે ઝુંપડીની અંદર એક ખાટલો હતો ત્યાં મને લઇ આવેલા અને તે ઝુંપડીની બાજુમાં એક કુવો છે જે કુવામાં પડવા ગયેલી પરંતુ રાહુલે પકડી લીધેલી તે રાહુલના ખેતરમાં રાહુલ હતો અને એક ડાઢીવાળો છોકરો હતો જેણે અત્યારે દાઢી કાઢી નાંખી છે આ લોકોએ ત્યાં જમવાનું બનાવેલુ અને મને પણ જમવા માટે આપતા મેં ના પાડેલી પછી મને આખી રાત ત્યા રાખેલી અને બધાએ વારાફરથી મારી સાથે શરીર સબંધ બાંધેલા ત્યારબાદ સવારે એક રાહુલ નામનો છોકરાએ મને એક ફોન નબંર આપેલો અને કહેલ કે ઘરે જઈને મને ફોન કરજે અને આ રાહુલ મને પહેલી તારીખે સવારે ડેડીયાપડા બસ ડેપોએ મુકવા માટે આવેલો. "વધુમાં આ સાહેદ જણાવે છે કે,ત્યારબાદ પોલીસ સ્ટેશન ગયેલા અને ભોગબનનારે ફરીયાદ આપેલી અને જે કામે પોલીસે મારૂ નિવેદન લીધેલું અને આરોપી કોર્ટમાં હાજર હોય તેને સાહેદ ઓળખી બતાવે છે.સાહેદ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે,આ અંકિતને પહેલીવાર જોવું છું અને અંકીત વિશે ભોગબનનાર મારી દીકરીએ કંઈ જણાવેલ નથી અને વાતોવાતથી મને બનાવની હકીકતની જાણ થયેલી.

આમ આ ત્રણેય સાહેદોનો પુરાવો વંચાણે લેવામાં આવે તો,આ ત્રણેય સાહેદો તે હિયર સે વીટનેશ છે જેઓએ બનાવ બનતા પોતાની નજરે જોયેલ નથી અને બનાવની વાત તેઓને ભોગબનનારે કરેલ છે પરંતુ જયારે ખુદ ભોગબનનાર સાહેદ પોતે જ એ હકીકતનો

સ્વીકાર કરતા હોય કે કાયદાના સંઘર્ષમા આવેલ બાળકિશોરે તેણીની સાથે કોઇ શારીરીક સંબંધ બાંધેલ નથી ત્યારે આ તમામ હિયર સે વીટનેશના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી ત્યારે આ તમામ સાહેદોના પુરાવાથી પણ ફરીયાદપક્ષના કેસને કોઇ ખાસ સમર્થન પ્રાપ્ત થતુ હોય તેમ જણાતુ નથી.

૧૬) વધુમાં ફરીયાદપક્ષ તરફે ગુનાવાળી જગ્યાનાં,મુદામાલ કબજે કર્યાનાં, દાગીનાની ઓળખનાં, કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરની શરીર સ્થિતિનાં તથા ભોગબનનારનાં કપડા કબજે કર્યાનાં પંચનામાનાં પંચસાહેદ પ્રોસી.વીટ.નં.૨ ચિરાગભાઇ વેચાણભાઇ વસાવાને આંક-૧૩ થી સોગંદપર તપાસવામાં આવેલા છે,આ સાહેદે તેમના પુરાવામાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે,અમોને પોલીસ સ્ટેશન ડેડીયાપાડા ખાતે બોલાવેલા જયા અમો પંચો,ડી.વાય.એસ.પી સાહેબ અને પોલીસના માણસો હતાં જયા ભોગબનનાર હાજર હતા અને ભોગબનનાર ગુનાવાળી જગ્યા આગળ ચાલી બતાવતા હતાં જેમાં પ્રથમ પી.ડબલ્યુ.ડીનુ ખંડેર કવાટર્સ હતું જેના પહેલા માળ પર હતું જે રૂમ ખુલ્લો હતો,જયા બનાવ બનેલાની હકીકત જણાવેલી અને જયા કાળા કલરનું પાથરણુ હતું જે કબજે કરેલ હતું પછી ભોગબનનાર આગળ ચાલી બીજી ગુનાવાળી જગ્યા બતાવવા માટે લઈ ગયેલ હતા જે ધામણ ખાડી ખાતે લઇ ગયેલા જયા ઝાડી ઝાખરા હતા જયા બનાવ બનેલાની હકીકત જણાવેલ હતી,ત્યારબાદ ભોગબનનાર આગળ ચાલીને બનાવવાળી ત્રીજી જગ્યા છે ત્યા લઇ ગયેલ જયા એક ખેતર આવેલ છે જે ટામેટાનું ખેતર હતું અને ત્યાં ખાટલો હતો ત્યા એક ઝુપડુ હતું અને ત્યા પણ બનાવ બનેલાની હકીકત જણાવેલી.સાહેદને નિ. ૯/૮ થી રજુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ બતાવવામાં આવતા તેમા પોતાની સહી ઓળખી બતાવતા તે આંક-૧૪ થી રજુ કરેલ છે.વધુમાં સાહેદ જણાવે છે કે,ત્યારબાદ મુદ્ધામાલ પાથરણુ,ધાતુનો દોરો, વાળ,પેન્ડલનો ટુકડો,બીજો વાળ,સેંપલ માટી અમો પંચો રૂબરૂ કબજે કરવામાં આવેલ.સાહેદને નિ.૯/૬ અને ૯/૭ થી રજુ મુદામાલ કબજે કર્યાનું પંચનામુ બતાવવામાં આવતા તેમા પોતાની સહી ઓળખી બતાવતા તે આંક-૧૫ અને આંક-૧૬ થી રજુ કરેલ છે.વધુમાં સાહેદ જણાવે છે કે, મને મુદામાલ એક કાળા કલરનું પાથરણુ,વાળ,માટી,રાખોડી રંગની ખાટલાની પાટી,વાળ,વાળ, માટી બતાવવામાં આવતા તે ઓળખી બતાવે છે અને સદર મુદામાલમાંથી નીકળેલ પાવતીઓમાં પોતાની સહી ઓળખી બતાવે છે જે કાપલીઓને પોકસો કેસ નં. ૦૬-૨૦૨૨ માં આંકે પડેલ છે. વધુમાં સાહેદ જણાવે છે કે,તા.૦૩-૦૨-૨૦૨૨ નાં રોજ પોલીસના બોલાવવાથી અમો ડેડીયાપાડા પોલીસ સ્ટેશનમાં હાજર થયેલા જયા એક ઇસમ હાજર હોય જેનું નામઠામ પુછતાં તેને પોતાનુ નામ કાર્તિકભાઈ સોમાભાઈ વસાવા ઉ.વ.૧૬ નો હોવાનું જણાવેલ જેને શરીરે પોપટી કલરની જુની આખી બાયની ટી-શર્ટ અને

કમરે જુનુ ભુરા કલરનું જીન્સ પેન્ટ પહેરેલ હતું અને આરોપીઓ અમો પંચો રૂબરૂ તેઓને ગુપ્તાંગના આગળના ભાગે ચામડી પર દુખાવો થતો હોવાનું તેમજ ચચરતુ હોવાનું જણાવેલ બાદ આરોપીના કપડા કાઢી જોતાં ગુપ્તાંગના ભાગે સામાન્ય સોજો અને ફોલીઓ થયેલ હોવાનું જણાઈ આવેલ અને આરોપીએ પહેરેલ કપડાં અલગ–અલગ જુના પેપરમાં વીંટાળી તેના ઉપર અમો પંચોની સહીઓવાળી કાપલીઓ મુકી સીલબંધ કરી કબજે કરેલ.સાહેદને નિ. ૯/૪ થી રજુ આરોપીનું શરીરસ્થિતિનું પંચનામું બતાવવામાં આવતા તેમા પોતાની સહી ઓળખી બતાવતા તે આંક–૧૭ થી રજુ કરેલ છે અને વધુમાં જણાવે છે કે મારી સાથે બીજા પંચ તરીકે રાજેશભાઈ હતાં તેમજ પોલીસનો સ્ટાફ પણ ત્યાં હાજર હતો.સાહેદને મુદામાલ આર્ટીકલ નં.૧ જે સીલબંધ હાલતમાં છે તેનો સીલતોડી તેમાંથી નીકળેલ એક પોપટી કલરની જુની આખી બાયની ટી–શર્ટ બતાવવામાં આવતા તે ઓળખી બતાવતા તે પંચસ્લીપ આંક–૧૮ થી રજુ કરેલ છે તેમજ સાહેદને મુદામાલ આર્ટીકલ નં.ર જે સીલબંધ હાલતમાં છે જેનો સીલતોડી તેમાંથી નીકળેલ એક ભુરા કલરનો જીન્સ પેન્ટ બતાવવામાં આવતા તે ઓળખી બતાવતા તે પંચસ્લીપ આંક–૧૯ થી રજુ કરેલ છે.વધુમાં સાહેદ જણાવે છે કે,ત્યારબાદ ભોગ બનનારે બનાવ સમયે પહેરેલ કપડાં જેમાં ગુલાબી કલરનું ટોપ, કથ્થાઇ કલરની લેંઘી અને નિકર હતાં જેમાં ડાઘા હતાં જે અમો પંચો રૂબરૂ કબજે કરેલા.સાહેદને નિ. ૯/૫ થી રજુ ભોગબનનારના કપડાં કબજે કર્યાનું પંચનામું બતાવવામાં આવતા તેમા પોતાની સહી ઓળખી બતાવતા તે આંક–૨૦ થી રજુ કરેલ છે.વધુમાં સાહેદને મુદામાલ એક ગુલાબી રંગનુ ટોપ,કથ્થાઈ રંગની લેંઘી, કથ્થાઈ રંગની ચડ્ડી,કાળા રંગની પીળા સફેદ ડીઝાઈનવાળી ઓઢણી, રાખોડી રંગનુ સ્વેટર બતાવવામાં આવતા તે ઓળખી બતાવે છે અને સદર મુદામાલમાંથી નીકળેલ પાવતીઓમાં તેઓની સહી છે જે ઓળખે છે તે કાપલીઓને પોકસો કેસ નં. ૦૬–૨૦૨૨ માં આંકે પડેલ છે.વધુમાં સાહેદ કોર્ટમાં હાજર કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને ઓળખી બતાવે છે. આ સાહેદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરે છે કે,મને પોલીસ સ્ટેશનમાં આશરે ૧૨ વાગે બોલાવેલા જેમાં તા.૦૩/૦૨/૨૦૨૨, ૦૪/૦૨/૨૦૨૨ અને ૦૬/૦૨/૨૦૨૨ ના રોજ બોલાવેલા જેમાં દર વખતે ૧૨ વાગે બોલાવેલ હોય તેવું બનેલ નથી જુદા જુદા ટાઈમે બોલાવેલા અને તા. ૦૩/૦૨/૨૦૨૨ નાં રોજ મારી હાજરીમાં પેન્ડલ, વાળ કબજે કરેલા જે લગભગ ચાર વાગે કબજે કરેલા જેમાં ડી.વાય.એસ.પી સાહેબ હાજર હતાં તેઓની હાજરીમાં આ બધી કાર્યવાહી થયેલી અને તા. ૦૪/૦૨/૨૦૨૨ નાં રોજ મારી હાજરીમાં આરોપીઓના કપડાં કબજે કરવામાં આવેલ છે તે સિવાય તે દીવસે બીજી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી ત્યારે પણ ડી.વાય.એસ.પી સાહેબ હાજર હતાં અને તે દીવસે આશરે બે–ત્રણ કલાક સુધી પોલીસ સાથે કાર્યવાહીમાં હાજર

હતો અને તા. ૦૬/૦૨/૨૦૨૨ નાં રોજ ભોગબનનાર અમારી હાજરીમાં બનાવવાળા સ્થળ બતાવવા લઈ ગયેલા અને તે તમામ સ્થળ પર પંચકયાસ કરવામાં આવેલો તે સિવાય પંચકયાસમાં બનાવવાળી જગ્યાની સ્થળ સ્થિતિ બતાવેલી અને તે દીવસે પોલીસે અમને ૧૧:૦૦ વાગે પોલીસ સ્ટેશનમાં બોલાવેલા અને ૧૨:૦૦ વાગ્યાથી બનાવના જુદા જુદા સ્થળ પર ગયેલા અને આ કામમાં જે આરોપીઓને અટક કરવામાં આવેલ હતાં તેઓને હું નામથી ઓળખુ છું અને તેઓને મે સૌ પ્રથમ તા. ૦૪/૦૨/૨૦૨૨ કે તા. ૦૬/૦૨/૨૦૨૨ એ જોયેલા તે ચોકકસપણે કહી શકુ નહીં અને મારી પંચનામામાં આશરે સાત થી આઠ સહીઓ લેવામાં આવેલી છે તે સિવાય કાપલીઓમાં પણ મારી સહીઓ લેવામાં આવેલી છે અને હું પ્રથમ વખતે તા.૦૩/૦૨/૨૦૨૨ નાં રોજ પંચનામા માટે ગયો ત્યારે મારી સાથે બીજા પંચ તથા ડી.વાય.એસ.પી સાહેબ હતાં. અને મને પંચમા હાજર રહેવા માટે મામલતદાર સાહેબનો હુકમ આવેલો અને પોલીસ સ્ટેશનમાંથી ફોન પણ આવેલો અને આ કામે મારા જણાવ્યા મુજબ સ્થળ પરથી પાથરણુ, ધાતુનો દોરો, વાળ, પેન્ડલનો ટુકડો, બીજો વાળ, સેંપલ માટી તા.૦૪/૦૨/૨૦૨૨ નાં રોજ કબજે કરવામાં આવેલ છે અને તે જ દીવસે આરોપીઓના કપડાં પણ કબજે કરવામાં આવેલા અને આ કામે મારા ઉપર જણાવ્યા મુજબનું હકીકત સિવાય બીજું કંઇ કબજે કરવામાં આવેલ નથી અને પોલીસે પંચનામુ તૈયાર કરી તે પંચનામુ મે વાંચી સહી કરેલી છે અને આ કામે મામલતદાર સાહેબે પંચનામાની કાર્યવાહીમાં હાજર રહેવા માટે લેખિતમાં હુકમ કરેલ છે અને મને સહી કરવા બોલાવેલ ત્યારે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર કાર્તિકભાઈ હાજર હતાં તેમજ પોલીસ સ્ટાફ હાજર હતો તે સિવાય બીજું કંઇ હતું નહીં.બચાવપક્ષે અન્ય પુછવામા આવેલ પ્રશ્નોના જવાબમાં સાહેદે સ્પષ્ટ ઇન્કારી કરેલ છે.આમ,આ સાહેદનો પુરાવો વંચાણે લેવામાં આવે તો તેઓએ પોતાની સરતપાસમાં અમુક અંશે પંચનામાઓની હકીકતોને સમર્થન આપેલ હોવાનું જણાય છે પરંતુ આ સાહેદના પુરાવા સાથે ભોગબનનારનો પુરાવો વંચાણે લેવામાં આવે તો ઉપરોકત સવિસ્તૃત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષના અતિ મહત્વના સાહેદ એવા ભોગબનનાર ખુદ જ જયારે ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોય અને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલા હોય તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરે તેણીની સાથે શારીરીક સંબંધ બાંધેલ હોય તેવી કોઇ જ હકીકત જણાવતા ન હોય ત્યારે આ પંચસાહેદના પુરાવા ઉપર આધાર રાખી પંચનામાઓ નિ:શંકપણે પુરવાર થયેલ હોવાનું માની શકાય તેમ નથી.વધુમાં આ પંચનામાઓની હકીકતો ધ્યાને લેતા તેના ઉપરથી માત્ર ગુનાવાળી જગ્યાની સ્થળ સ્થિતિ,મુદામાલ કબજે કર્યાની હકીકત,દાગીનાની ઓળખની હકીકત,કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરની અટક અને ભોગબનનારના કપડા કબજે કર્યાની હકીકતની જ હકીકત પુરવાર થાય છે તેથી વિશેષ

કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરને ગુના સાથે સાંકળતી કોઇ જ હકીકત આ પંચનામાઓ ઉપરથી પુરવાર થતી નથી.વધુમાં ફરીયાદપક્ષે આંક–૨૧ થી ડ્રોપીંગ પુરશીષ આપી ઉપરોકત પંચનામાઓના બીજા પંચસાહેદ રાજેશભાઇ શાંતિલાલ વસાવાને તપાસવા માંગતા ન હોય ડ્રોપ કરેલા છે.

૧૭) વધુમાં ફરીયાદપક્ષ તરફે ભોગબનનારને પોતાની ઇકો ગાડીમાં ડેડીયાપાડા પહોંચાડનાર ઇકો ગાડીના ડ્રાઇવર પ્રોસી.વીટ.નં.૬ સાહેદ તુલસીભાઇ માનસીભાઇ વસાવાને આંક–૨૫ થી સોગંદપર તપાસવામાં આવેલા છે,આ સાહેદે તેમના સોગંદપરના પુરાવામાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે,હું ચાર મહિનાથી ડ્રાઈવીંગ કરું છું અને હું રતનભાઈની ગાડી ઉપર ડ્રાઈવીંગ કરું છું જે ઇકો ગાડી છે જેનો રજી. નં. જીજે.૨૨, એચ.૬૫૦૧ છે અને તા.૩૧/૧/૨૦૨૨ ના રોજ આશરે સવારના નવ વાગે પીપલોદથી ઇકો ગાડી લઈને સામાન લેવા માટે ડેડીયાપાડા જવા માટે નીકળેલો તે વખતે રસ્તામાં ભોગબનનાર ઉભા હતાં અને મેં તેને બેસાડેલી અને મેં સ્કુલે ઉભી રાખેલી અને મને જણાવેલ કે મારે બસ પાસ કઢાવવા માટે અને ફોટા પડાવવા માટે ડેડીયાપાડા જવાનું છે પછી મેં ડેડીયાપાડા ગુરૂવાર ચોકડી એ ઉભી રાખેલી અને ત્યાં ઉતારેલી અને ત્યારબાદ હું મારૂં કામ પતાવીને ઘરે જતો રહેલો અને પછી બે દિવસ પછી મને જાણવા મળેલ કે, ભોગબનનાર સાથે ગેંગરેપ થયો છે અને પોલીસે મારો જવાબ લીધેલો. સાહેદ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોલીસે માત્ર મારૂ નામઠામ પુછેલ અને બનાવ વિશે મને કોઇ જાત માહીતી નથી. આમ, આ સાહેદનો સંપુર્ણ પુરાવો વંચાણે લેતા આ સાહેદે ભોગબનનારને પોતાની ઇકો ગાડીમાં ડેડીયાપાડા પહોચાડેલ છે તેથી વિશેષ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરને ગુના સાથે સાંકળતી કોઇ જ હકીકત આ સાહેદના પુરાવા ઉપરથી પુરવાર થતી નથી.વધુમાં સાહેદનો પુરાવો વંચાણે લેતા બનાવ વિશે સાહેદને અંગત રીતે કોઇ જાત માહીતી નથી અને આ સાહેદના લખાવ્યા મુજબનુ પોલીસે તેમનુ નિવેદન લખેલ હોય તે હકીકત પણ માની શકાય તેમ નથી ત્યારે આ સાહેદના પુરાવા થકી પણ ફરીયાદપક્ષના કેસને કોઇ સમર્થન પ્રાપ્ત થતુ હોય તેમ જણાતુ નથી.

૧૮) વધુમાં ફરીયાદપક્ષ તરફે પ્રોસી.વીટ.નં.૭ સાહેદ અબરારભાઇ હનીફભાઇ કુરેશીને આંક–૨૬ થી તથા પ્રોસી.વીટ.નં.૮ સાહેદ અંકુશકુમાર વિપુલભાઇ વસાવાને આંક–૨૭ થી સોગંદપર તપાસવામાં આવેલા છે.આ સાહેદો પોતાના પોલીસ રૂબરૂના નિવેદનોની હકીકતોને સમર્થનકારી પુરાવો નહી આપતા તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે.બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમાં સાહેદ અબરારભાઇ કુરેશી એ હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરે છે કે,કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર મારી દુકાને

મટન લેવા આવતો હોય જેથી ઓળખુ છુ અને બનાવના અરસામાં હું કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરને મળેલ નથી કે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર મને મળવા માટે આવેલ નથી અને પોલીસ રૂબરૂના નિવેદનમાં પણ એવી હકીકત લખાવેલ છે કે, હું કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરને બનાવના અરસામા મળેલ નથી અને કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર મને મળેલ નથી અને પોલીસે માત્ર મારૂ નામઠામ પુછેલુ અને પોલીસને મે કંઇ લખાવેલ નથી.આમ,આ બંને સાહેદોનો પુરાવો વંચાણે લેતા તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો નહી આપતા તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામા આવેલ છે.વધુમાં સાહેદોનો પુરાવો વંચાણે લેતા તેમના પુરાવા થકી ફરીયાદપક્ષના કેસને કોઇ ખાસ મદદ મળતી હોય તેમ પણ જણાતુ નથી.

૧૯) વધુમાં ફરીયાદપક્ષ તરફે ફોટોગ્રાફર પ્રોસી.વીટ.નં.૯ સાહેદ સુધીરચંદ્ર દાલચંદ સેનમારને આંક-૨૯ થી સોગંદપર તપાસવામાં આવેલા છે,આ સાહેદે તેમના સોગંદપરના પુરાવામાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે,હું છેલ્લા ૨૨ વર્ષથી બસસ્ટેન્ડની સામે પહેલા માળ પર જય અંબે ડીઝીટલ ફોટો સ્ટુડીયો ચલાવુ છું અને બનાવ સમયે મારી સાથે મારા આસીસ્ટંટ તરીકે રાહુલ ભાવસાર કરીને હતો અને ડેડીયાપાડા પોલીસ સ્ટેશન આ ગુના સબંધી મારી પાસે ભોગબનનાર તમારા પાસે ફોટો પડાવવા આવેલી કે કેમ તે બાબતની પુછપરછ કરવા માટે આવેલી જેથી અમોએ તેઓ પાસે બીલની માંગણી કરેલી જે બીલ બતાવતાં અમારી પાસેની ડુપ્લીકેટ બીલની સરખામણી કરતાં ભોગબનનારનું બીલ હોવાનું જણાઇ આવેલ અને ભોગ બનનાર અમારે ત્યાં તા.૩૧/૦૧/૨૦૨૨ ના રોજ સવારના સમયે આવેલી હશે અને તેની ડીલીવરી બીલમાં જણાવ્યા પ્રમાણે તા.૦૧/૦૨/૨૦૨૨ ના રોજ હોવાનુ જણાવેલ છે પરંતુ અમારી પાસે ભોગબનનાર આજદીન સુધી ફોટો લેવા આવેલ નથી અને જે ફોટા હાલની તારીખે પણ અમારી પાસે છે અને જે હું આજરોજ મારી સાથે લાવેલ છું અને હું સારૂ ડુપ્લીકેટ બીલ બુક અસલ લાવેલ છું જેમાં બીલ નં.૨૨૦૧ થી ભોગબનનારનુ બીલ છે જે આંક-૩૧ થી પોકસો કેસ નંબર-૬/૨૦૨૨ માં રજુ કરેલ છે તે જ છે તેવી હકીકત જણાવેલ છે.સાહેદ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, હું તથા મારા આસીસ્ટંટ બંને ફોટા પાડીએ છીએ અને હાલના કીસ્સામાં ભોગબનનારનો ફોટો મારા આસીસ્ટંટે પાડેલો છે અને જે બીલ રજુ કરેલ છે તેના અંદર કોઈ સમય દર્શાવવામાં આવેલ નથી અને અરજન્ટ ડીઝીટલ ફોટાની જરૂર હોય તો પાંચ મિનિટમાં આપી શકીએ છીએ જેના માટે અરજન્ટ કોપીના રૂ.૬૦/- નહી તો ઓડીનરીના રૂ. ૪૦/- લેતા હોઈએ છીએ અને પોલીસે મારા પાસેથી કોઈ ફોટા કે બીલ કબજે કરેલ નથી અને પોલીસ ચોકકસ મારી પાસે કયા દીવસે આવેલી તે હું કહી શકુ નહીં સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હું અંદાજીત તારીખ

આપી શકું અને જયારે પોલીસ કોન્ટેબલ મારી દુકાને આવ્યા ત્યારે હું આઉટઓફ સ્ટેટ મથુરા ખાતે હતો અને મારા આસીસ્ટંટ દ્વારા મારાથી ફોન પર વાત કરાવેલી અને મેં પોલીસને બધી માહીતી આપેલી અને હું ૧૭ તારીખે મથુરાથી ડેડીયાપાડા આવેલો અને આવ્યા બાદ મારે રૂબરૂમાં પોલીસને મળવાનો પ્રસંગ બનેલ નથી.બચાવપક્ષે અન્ય પુછવામા આવેલ પ્રશ્નોના જવાબમાં સાહેદે સ્પષ્ટ ઈન્કારી કરેલ છે. આમ,આ સાહેદનો સંપુર્ણ પુરાવો વંચાણે લેતા ભોગબનનાર આ સાહેદની દુકાને ફોટો પડાવવા ગયેલ હતા તેટલી જ હકીકત પુરવાર થાય છે તેથી વિશેષ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરને ગુના સાથે સાંકળતી કોઇ જ હકીકત આ સાહેદના પુરાવા ઉપરથી પુરવાર થતી નથી.વધુમાં સાહેદનો પુરાવો વંચાણે લેતા બનાવ વિશે સાહેદને અંગત રીતે કોઇ જાત માહીતી નથી ત્યારે આ સાહેદના પુરાવા થકી પણ ફરીયાદપક્ષના કેસને કોઇ સમર્થન પ્રાપ્ત થતુ હોય તેમ જણાતુ નથી.

૨૦) વધુમાં ફરીયાદપક્ષ તરફે ગુનાવાળી જગ્યાઓનો નકશો તૈયાર કરનાર ડેડીયાપાડા મામલતદાર કચેરી ખાતે સર્કલ ઓફીસર તરીકે ફરજ બજાવતા પ્રોસી.વીટ.નં.૧૧ સાહેદ નિરજભાઇ પ્રેમકુમાર ગૌસ્વામીને આંક–૩૪ થી સોગંદપર તપાસવામાં આવેલા છે,આ સાહેદે તેમના સોગંદપરના પુરાવામાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે,હું છેલ્લા ચાર વર્ષથી સર્કલ ઓફીસર ડેડીયાપાડા મામલતદાર કચેરી ખાતે ફરજ બજાવું છું અને સદર ગુના બાબતે મને મામલતદાર સાહેબશ્રી તરફથી તા.૦૯/૦૨/૨૦૨૨ થી ગુનાવાળી જગ્યાનો નકશો દોરવા અંગે લેટર મળતાં તા.૧૦/૦૨/૨૦૨૨ નાં રોજ ગુનાવાળી જગ્યાએ જઈ બે પંચોને બોલાવી તથા પંચનામુ સાથે રાખી ગુનાવાળી જગ્યાનો નક્શો દોરેલ છે અને આ ગુનામા ટોટલ ગુનાવાળી જગ્યા ચાર છે જેમાં પ્રથમ જગ્યા ડેડીયાપાડા એસ.ટી બસ ડેપો પાસે આવેલી છે જેની ચર્તુદીશા જોતા એસ.ટી બસ ડેપોના મકાનના પશ્ચિમ તરફ ગ્રેનાઈટના પત્થરોવાળો બાકડો આવેલ છે જેની પુર્વ તરફ બીજા સાત ક્રમબંધ બાકડાઓ આવેલા છે અને આ જગ્યાની ઉત્તર તરફ બસ પાર્કીંગનુ સ્થળ આવેલુ છે અને દક્ષિણ તરફ અન્નપુર્ણા કેન્ટીન આવેલી છે અને આ બાકડાની પશ્ચિમ તરફ શૌચાલય આવેલુ છે અને આ જગ્યાએથી પશ્ચિમ તરફ ચાલતાં જતા એ.એન.બારોટ વિદ્યાલયના મેદાનથી થઈને તેની પાછળના તરફ પી.ડબલયુ.ડી.ના બે માળના જર્જરીત કક્વાટર્સ આવેલા છે જેમાં પ્રથમ માળે સી.ડી દ્વારા ચઢતાં દાદર પુર્ણ થાય તે મકાન છોડીને ત્યારબાદનું દક્ષિણ દીશા તરફનું બીજું ક્વાટર્સ આ ગુનાવાળી બીજા નબંરની જગ્યા આવેલી છે અને આ ક્વાટર્સમાં પ્રવેશ કરતાં પ્રથમ રૂમ આવેલ છે જેની જમણી તરફ સંડાસ બાથરૂમ આવેલા છે અને કીચન પણ આવેલુ છે અને કીચનવાળા રૂમની પુર્વ દીશામાં ગુનાવાળી જગ્યાનો રૂમ આવેલો છે અને આ રૂમની દક્ષિણ તરફ એક બારી આવેલી છે અને આ રૂમમાં સફેદ ટાઈલ્સ જોઈ શકાય છે અને રૂમની અવસ્થા જર્જરીત છે અને આ પીડબલયુડી

ક્વાટર્સના મકાન છોડી બારોટ સ્કુલના ખુલ્લા મેદાન તરફથી ઘામણખાડી વાળા ઝાડી ઝાખરાં તરફ જતા આ ઝાડી ઝાખડાં વચ્ચે ગુનાવાળી ત્રીજી જગ્યા આવેલી છે અને આ જગ્યાની ચર્તુદીશા જોતાં ગુનાવાળી જગ્યાની પુર્વ દીશાએ ખુલ્લી પડતર જગા, પશ્વિમ દીશાએ ઘામણ ખાડી અને કોતરવાળી જગ્યા, ઉત્તર તરફ ઘામણ ખાડીનું કોતર છોડી ખુલ્લા ખેતરો અને દક્ષિણ તરફ બારોટ સ્કુલનું ખુલ્લુ મેદાન આવેલુ છે, ત્યારબાદ આ ગુનાવાળી જગ્યા છોડી પશ્ચિમ તરફ ઘામણ ખાડી પાસે આવેલા ચેકડેમ પરથી પસાર થતાં કૃષિ એન્જીનીયરીંગ કોલેજના પાછળના ભાગે ટામેટાનું વાવેતર કરેલ ખેતરના દક્ષિણે આવેલી ઝુંપડી ખાતે ગુનાવાળી ચૌથી જગ્યા આવેલી છે અને આ જગ્યાની ચર્તુદીશા જોતાં ઝુંપડીની ઉત્તરે કૃષિ એનજીનીયરીંગ કોલેજ, પુર્વ તરફ તુવેર કપાસનું વાવેતર કરેલ ખેતર, પશ્ચિમ તરફ ટાંમેટાનું વાવેતર કરેલ ખેતર અને દક્ષિણ તરફ આશરે વીસ ફુટના અંતરે પાર વગરનો પાકો કુવો આવેલો છે, આ રીતે આ ગુનાને લગતી કુલ ચાર જગ્યાનો નકશો બનાવેલ હોવાનુ જણાવી તેમા પંચોની તથા પોતાની સહી ઓળખી બતાવે છે.સાહેદને નિ. ૯/૧૨ થી રજુ નકશો બતાવવામાં આવતા તે તે જ હોવાનુ જણાવી આંક–૩૫ થી રજુ કરેલ છે.વધુમાં સાહેદ મામલતદાર કચેરીને મળેલી પોલીસ યાદી તેમની સાથે લાવેલ હોય જે સર્ટિફાઈડ નકલ રજુ કરતા હોય તે આંક–૩૬ થી રજુ કરેલ છે.વધુમાં મામલતદારશ્રીએ સાહેદને લખેલ યાદીની રીસીવ કોપી સાહેદ સાથે લાવેલ હોય અને તેમા પોતાની સહી ઓળખી બતવી તેની ખરીનકલ રજુ કરતા તે આંક–૩૭ થી રજુ કરેલ છે.સાહેદ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મને જે યાદી મળેલ તેમા બનાવની ટુંકી હકીકત લખેલી હતી જે ટુંકી હકીકતને આધારે નકશો તૈયાર કરવામાં આવેલો હતો અને એસ.ટી ડેપો ડેડીયાપાડાનો જે નકશો બતાવેલ છે તેમા બસ સ્ટેન્ડમાં પુછપરછનું કાર્યાલય છે તે પણ દર્શાવેલ છે અને મારા નકશામાં જે સાત બાકડા બતાવ્યા છે તે પેસેંજરને બેસવા માટે છે અને આ બસ ડેપોના બાકડા પરથી કોઈપણ વ્યકિત બારોટ સ્કુલ સાઇડમાં અને પીડબલયુના જુના ક્વાટર્સ સાઈડમાં જાય તો દેખાય અને બારોટ સ્કુલથી ગુનાવાળી જગ્યા નં. ૨ પીડબલયુડીનું કવાટર્સ દેખાય તેમ છે અને આ ગુનાવાળી જગ્યાવાળા કવાટર્સ સિવાયના બીજા પણ ત્યાં ક્વાટર્સ છે જયા લોકો રહે છે અને આ ગુનાવાળી જગ્યાવાળા ક્વાટર્સમાં કોઈ જાય તો જે અન્ય કવાટર્સથી જોઇ શકાય છે અને ગુનાવાળી જગ્યા નં. ૨ તથા એ.એન.બારોટ સ્કુલથી કોઇ વ્યકિત ગુનાવાળી જગ્યા ૩ તરફ જતો હોય તો જોઇ શકાય અને ગુનાવાળી જગ્યા નં. ૩ ઝાડી ઝાખરાવાળી છે ત્યાંથી એ.એન.બારોટ સ્કુલ તથા ગુનાવાળી જગ્યા નં. ૨ જોઇ શકાય છે અને આ ગુનાવાળી જગ્યા નં. ૨ ના આજુબાજુ બીજા કોઈ ઝુંપડા આવેલ છે કે કેમ તે મારા ધ્યાનમાં નથી અને ગુનાવાળી જગ્યા નં. ૪ ટામેટાના વાવેતરના ખેતરમાં જે ઝુંપડી આવેલ છે જે કાચી ઝુંપડી છે અને તે

જર્જરીત અને ટેમ્પરરી છે અને એસ.ટી ડેપોના ઉત્તર દિશામાં પુર્વ થી પશ્ચિમ દીશામાં જતો રોડ આવેલ છે અને આ રોડ પરથી બસ ડેપો તથા બસ ડેપોના પાછળની જગ્યા દેખાય છે અને એ હકીકત મારા ધ્યાનમાં નથી કે ડેડીયાપાડા બસ ડેપોમાં સી.સી.ટી.વી કેમેરા ઇનસ્ટોલ કરેલ છે કે કેમ અને ડેડીયાપાડા બસ ડેપો પર લોકોની અવર-જવર રહે છે અને જે ખેતરનો નકશો બનાવ્યો છે તેની આજુ-બાજુ આવેલા ખેતરવાળાને પંચો તરીકે લીધા નથી અને ગુનાવાળી જગ્યાના ખેતરનો સર્વે નંબર નકશામાં જણાવેલ નથી.બચાવપક્ષે અન્ય પુછવામા આવેલ પ્રશ્નોના જવાબમાં સાહેદે સ્પષ્ટ ઇન્કારી કરેલ છે. આમ,આ સાહેદનો સંપુર્ણ પુરાવો વંચાણે લેતા આ સાહેદે ગુનાવાળી જગ્યાઓના નકશા તૈયાર કરેલ હોવાની હકીકત જણાય આવે છે તેથી વિશેષ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરને ગુના સાથે સાંકળતી કોઇ હકીકત આ સાહેદના પુરાવા ઉપરથી પુરવાર થતી નથી. વધુમાં ફરીયાદપક્ષના અતિ મહત્વના સાહેદ એવા ભોગબનનાર જ જયારે પોતાના સોગંદપરના પુરાવા થકી ફરીયાદ હકીકતને પુરતુ અને વ્યાજબી સમર્થનકારી પુરાવો આપતા ન હોય ત્યારે આ સાહેદના પુરાવા થકી પણ ફરીયાદપક્ષના કેસને કોઇ ખાસ મદદ મળતી હોય તેમ જણાતુ નથી.

૨૧) વધુમાં ફરીયાદપક્ષે સ્થળ પરીક્ષણ અહેવાલ તૈયાર કરનાર સાઇન્ટીફીક ઓફીસર શ્રી વિરેન્દ્ર રમણલાલ પટેલને આંક-૪૭ થી સોગંદપર તપાસવામા આવેલા છે,આ સાહેદે પોતાના પુરાવા દરમ્યાન સ્થળ પરીક્ષણ અહેવાલમા પોતાની સહી ઓળખી બતાવી આંક-૪૮ થી રજુ કરેલ છે.આ સાહેદ નો પુરાવો વંચાણે લેતા આ સાહેદે ગુનાવાળી જગ્યાઓનુ નિરિક્ષણ કરી પોતાનો અહેવાલ તપાસ કરનાર અમલદારને સુપ્રત કરેલ હોવાનુ જણાય આવે છે,તેથી વિશેષ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરને ગુના સાથે સાંકળતી કોઇ હકીકત આ સાહેદના પુરાવા ઉપરથી પુરવાર થતી નથી.વધુમાં ફરીયાદપક્ષ તરફે ફરીયાદીની ફરીયાદ લેનાર પ્રોસી.વીટનેશ નં.૧૦ પી.એસ.આઇ.ભરતકુમાર રામજીભાઇ પટેલને આંક-૩૨ થી,પ્રોસી. વીટનેશ નં.૧૭ પી.એસ.ઓ.શ્રી પ્રવિણભાઇ માવજીભાઇને આંક-૬૦ થી તથા પ્રોસી.વીટનેશ નં.૧૮ ગુનાની તપાસ કરનાર અમલદાર નાયબ પોલીસ અધિક્ષક શ્રી શૈલેષકુમાર જયંતીલાલ મોદીને આંક-૬૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.આ સાહેદોએ તેમના પુરાવા દરમ્યાન આંક-૬૧ થી સ્ટેશન ડાયરીનો ઉતારો,આંક-૬૬ થી સરકારી પંચો ફાળવવા કરેલ યાદી, આંક-૬૭ થી સરકારી પંચો ફાળવી આપવા કરેલ હુકમ,આંક-૬૮ થી મુદામાલ એફ.એસ.એલ.માં મોકલ્યાની રવાનગી નોંધ, આંક-૬૯ થી એફ.એસ.એલ.એ મુદામાલ સ્વીકાર્યાની પહોંચ,આંક-૭૦ થી ભોગબનનારના જાતિ અંગેના પ્રમાણપત્રની નકલ,આંક-૭૧ થી એફ.એસ.એલ. નો ફોરવર્ડીંગ લેટર,આંક-૭૨ થી એફ.એસ.એલ.નો બાયોલોજી પરીક્ષણ અહેવાલ,આંક-૭૩ થી એફ.એસ.એલ.નો સીરોલોજી પરીક્ષણ અહેવાલ,આંક-

૭૪ થી એફ.એસ.એલ.નો ડી.એન.એ.પરીક્ષણ અહેવાલ, આંક–૭૫ થી એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ લેટર તથા આંક–૭૬ થી એફ.એસ.એલ.નો ભૌતિક શાસ્ત્ર વિભાગનો અહેવાલ રજુ કરવામાં આવેલ છે,ત્યારબાદ સ્પે.પી.પી.શ્રીએ આંક–૭૭ થી કલોઝીંગ પુરશીષ રજુ કરતા ફરીયાદપક્ષ તરફે વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થઈ શકેલ નથી. સદર સાઈન્ટીફીક પુરાવા વંચાણે લેતા પોલીસે પંચનામાની વિગતે કબજે કરેલ પાથરણામાંથી જે વીર્ય મળી આવેલ છે તેનું ડી.એન.એ.કાયદાના સંઘર્ષ આવેલ બાળકિશોરના ડી.એન.એ.સાથે મેચ થતુ હોવાનું જણાય આવતુ નથી ત્યારે આ કામે કાયદાના સંઘર્ષ આવેલ બાળકિશોરને ગુના સાથે સાંકળતા કોઈ સાઈન્ટીફીક પુરાવા પણ મળી આવેલ નથી તેવા સંજોગોમાં આ સાઈન્ટીફીક પુરાવા ઉપરથી ફરીયાદપક્ષના કેસને કોઇ ખાસ મદદ મળતી હોય તેમ જણાય આવતું નથી.વધુમાં ઉપરોકત તમામ પોલીસ સાહેદોનો પુરાવો વંચાણે લેતા તેઓને બનાવની કોઈ અંગત માહીતી નથી, તેઓએ ફકત પોતાની ફરજના ભાગરૂપે ફરીયાદ લઈ,ગુનો દાખલ કરાવી, તપાસ કરી અને ચાર્જસીટ રજુ કરેલ છે, તેમજ ભોગબનનારે પણ ફરીયાદ હકીકતોને સોગંદ ઉપરના પુરાવા દરમ્યાન બિલકુલ સમર્થન આપેલ નથી, તેવા સંજોગોમા આ પોલીસ સાહેદોનાં પુરાવાથી પણ ફરીયાદપક્ષના કેસને મદદ મળતી હોવાનું જણાય આવતું નથી.

૨૨) સમગ્ર હકીકતે,ફરીયાદપક્ષ તરફે રેકર્ડ પર રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું તુલનાત્મક વિશ્લેષણ કરતા ઉપરોકત કરેલ સવિસ્તૃત ચર્ચાના અંતે ફરીયાદપક્ષ તરફે મહત્વનાં સાહેદ ભોગબનનારને આંક–૧૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.ભોગબનનાર ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલા છે અને તેઓએ તેમના સોગંદ ઉપરનાં પુરાવામાં સ્પષ્ટ રીતે જ કાયદાના સંઘર્ષ આવેલ બાળકિશોરે તેમની સાથે શારીરીક સંબંધ બાંધેલ નથી તેવી હકીકત જણાવેલ છે.તેવી જ રીતે એફ.એસ.એલ.નો પૃથ્થકરણ અહેવાલ વંચાણે લેતા કાયદાના સંઘર્ષ આવેલ બાળકિશોર કે ભોગબનનારના કપડામાથી કાયદાના સંઘર્ષ આવેલ બાળકિશોરને ગુના સાથે સાંકળતા કોઈ સાઈન્ટીફીક પુરાવા મળી આવેલ નથી. તેવી જ રીતે પોલીસ સાહદોને બનાવની અંગત રીતે કોઇ જાત માહીતી નથી, તેઓએ પોતાની ફરજના ભાગરૂપે ફરીયાદ લઈ, ગુનો દાખલ કરી, તપાસ કરી અને ચાર્જસીટ કરેલ છે. તેવી જ રીતે તપાસ કરનાર અમલદારે કરેલ તપાસ નિષ્પક્ષ કે તટસ્થ હોવાનુ જણાય આવતુ નથી અને તેથી આરોપીને ગુના સાથે સાંકળતા કોઈ પુરાવા રેકર્ડ ઉપર આવી શકેલા નથી, તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધનાં આક્ષેપિત ગુના નિ:શંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલા છે તેમજ ભોગબનનારે પોલીસ ફરીયાદ, બી.એન.એસ. એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન કે ડોકટર સમક્ષની હિસ્ટ્રીની હકીકતને સમર્થન આપેલ નથી અને તેથી ફરીયાદપક્ષના કેસનાં સૌથી મહત્વના સાહેદના પુરાવાથી ફરીયાદપક્ષનાં કેસને સમર્થન પ્રાપ્ત

થયેલ નથી અને તેથી ફરીયાદપક્ષ કાયદાના સંઘર્ષ આવેલ બાળકિશોર વિરુધ્ધનાં આક્ષેપો પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે તેમ માનવાને કારણ રહે છે, જયારે બચાવપક્ષ એટલે કે કાયદાના સંઘર્ષ આવેલ બાળકિશોર શકયતાઓની સંભવિતતાનાં આધારે પોતાના બચાવની હકીકત વ્યાજબી રીતે પુરવાર કરવામા સફળ ગયેલા છે તેમ માનવાને કારણ રહે છે, તેથી મુદા નં. ૧ તથા ૨ નો જવાબ "નકાર'' માં આપી કાયદાના સંઘર્ષ આવેલ બાળકિશોરને તેમની સામેના આક્ષેપીત ગુનામાથી નિદોર્ષ ઠરાવી છોડી મુકવા સીવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો ન હોય, મુદા નં.૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:– **<u>આ ખ રી હુ ક મ</u>** –:

**૧.** આ કામનાં કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોરને ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૫૮ અન્વયે તેઓની વિરૂધ્ધનાં ઇ.પી.કો.કલમ–૩૬૩,૩૭૬(ડી), ૩૭૬(૨)(એન),૫૦૬(૨) તથા જાતીય ગુનાઓથી બાળકોનાં રક્ષણ બાબતનાં અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૪,૬ અને ૧૭ મુજબનાં શિક્ષાને પાત્ર ગુન્હાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** મુદામાલ પાવતી નં.૧૭/૨૦૨૨ માં દર્શાવેલ મુદામાલ આર્ટીકલ નં.૧ ટી–શર્ટ અને આર્ટીકલ નં.૨ જીન્સ પેન્ટનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

**3.** ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ અન્વયે કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોરે અપીલનાં સમય માટે રૂા.૧૫,૦૦૦/–(અંકે રૂપીયા પંદર હજાર પુરા) નાં જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવો અથવા તેમનાં હાલનાં જામીનદારે અપીલનાં સમય માટે જામીન તરીકે ચાલુ રહેવા માટે લેખીત સંમતી–પુરશીષ રજુ કરવી, જે જામીનગીરી ૬(છ)માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં સહી કરી,વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:– રાજપીપળા
તારીખ:–૧૨/૦૮/૨૦૨૬

(**અતુલકુમાર વિનોદભાઈ હિરપરા**)
સ્પેશ્યલ જજ–નર્મદા, મુ.રાજપીપળા
કોડ નં.જીજે.૦૦૬૫૬